**આજનો સુવિચાર**

ભુલો એ જીવનનો અહમ હિસ્સો છે, તેને સ્વિકાર કરવાનું સાહસ ખૂબ જ ઓછા લોકોમાં હોય છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૧૪ જૂનાગઢ તા.૨૨-૦૮-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 214, Junagadh : Date : 22 August, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# કોલકતા રેપ-મર્ડર કેસ : સીબીઆઈએ સુપ્રિમ કોર્ટમાં સ્ટેટસ રીપોર્ટ રજુ કર્યો





## સુપ્રિમ કોર્ટે બંગાલ પોલીસને ભારે ફટકાર લગાવી : છેલ્લા ૩૦ વર્ષમાં પોલીસની આવી બેદરકારી કયારેય જોઈ નથી : ડોકટરોને કામ પર પરત ફરવા સુપ્રિમ કોર્ટે સુચના આપી : સીબીઆઈના સ્ટેટસ રીપોર્ટમાં મુખ્ય આરોપી સંજય રોયની સંડોવણીના ફોરેન્સીક પુરાવા મળ્યા હોવાનું જણાવાયું : ગેંગરેપની પુષ્ટી થઈ નથી : ચીફ જસ્ટીસે કહ્યું-“ડોકટરોની સુરક્ષાની અમે ખાતરી આપીએ છીએ : પરિવારના સભ્ય બિમાર હતા ત્યારે હું પણ સરકારી હોસ્પિટલના ફલોર પર સુતો છું”

કોલકાતા/નવી દિલ્હી તા.૨૨

કોલકાતામાં ટ્રેઈની ડૉક્ટરનો રેપ-હત્યા કેસની સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. ચીફ જસ્ટીસ ડી.વાય. ચંદ્રચુડ એ કોલકાતાની ઘટના પર સુનાવણી દરમિયાન કહ્યું- ડોક્ટરો કામ પર પાછા ફરે, અમે નેશનલ ટાસ્ક ફોર્સ બનાવી છે.

સીબીઆઈ એ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરેલા સ્ટેટસ રિપોર્ટમાં કહ્યું છે કે કોલકાતાની ઘટનામાં છેડછાડ કરવામાં આવી છે. મામલાને ભીનો સંકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અંતિમ સંસ્કાર થઈ ગયા બાદ તો એફઆઈઆર નોંધવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ડોકટરો કામ પર પરત આવે. ડોકટરોની વાત પણ સાંભળવામાં આવશે. લોકો ડોકટરોની રાહ જોઈ રહ્યા છે. ડોકટરોની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવશે તેનો અમે વચન આપીએ છીએ. અમે જાણીએ છીએ કે, ડોકટરો ૩૬ કલાક કામ કરી રહ્યા છે.

જો તમે કામ પર પાછા નહીં ફરો તો જાહેર વહીવટી માળખું કેવી રીતે કાર્ય કરશે? ડોકટરોની હડતાળને કારણે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અસર થઈ રહી છે. રેસિડેન્ટ ડોકટરોને નેશનલ ટાસ્ક ફોર્સમાં સામેલ કરવામાં આવશે નહીં. તેમને ખાતરી આપો કે તેમને સાંભળવામાં આવશે. ચીફ જસ્ટીસે કહ્યું- હું હોસ્પિટલોની હાલત જાણું છું. મારા પરિવારનો એક સભ્ય બીમાર હતો ત્યારે હું પોતે સરકારી હોસ્પિટલના ફ્લોર પર સૂતો હતો.

અમને ઘણા બધા ઈમેલ મળ્યા છે જેમાં ડોકટરોએ કહ્યું છે કે તેમના પર ઘણું દબાણ કરાઈ રહ્યું છે. ૪૮ કે ૩૬ કલાકની ડ્યુટી સારી નથી. અમે તેને આજે અમારા ઓર્ડરમાં ઉમેરીશું.

ટ્રેઈની ડૉક્ટરનો રેપ-હત્યા કેસમાં સીબીઆઈ એ પોતાનો સ્ટેટસ રિપોર્ટ સોંપ્યો છે. સીબીઆઈએ કોર્ટને જણાવ્યું કે ૯ દિવસની તપાસમાં અત્યાર સુધી શું માહિતી મળી છે. આ તરફ પશ્ચિમ બંગાળ સરકારે પણ હત્યા અને હોસ્પિટલમાં તોડફોડની અત્યાર સુધીની તપાસ પર પોતાનો સ્ટેટસ રિપોર્ટ સોંપ્યો છે. સુપ્રીમ કોર્ટે આ કેસમાં બેદરકારી દાખવવા બદલ પશ્ચિમ બંગાળ સરકાર અને પોલીસને ભારે ફટકાર લગાવી હતી.

જસ્ટિસ પારડીવાલાએ કહ્યું કે, આ કેસમાં એવી બેદરકારી દાખવવામાં આવી કે મેં મારા કરિયરના ૩૦ વર્ષમાં આવું ક્યાંય જોયું નથી.

સીબીઆઈ એ સુપ્રીમ કોર્ટમાં રજૂ કરેલા સ્ટેટસ રિપોર્ટમાં કહ્યું છે કે કોલકાતાની ઘટનામાં છેડછાડ કરવામાં આવી છે. મામલાને ભીનો સંકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અંતિમ સંસ્કાર થઈ ગયા બાદ તો એફઆઈઆર નોંધવામાં આવી હતી.

દરમ્યાનમાં સીબીઆઈના સ્ટેટસ રીપોર્ટમાં હોસ્પિટલ પ્રશાસન આ મામલામાં ઉદાશીન રહ્યું હોવાનું જણાયું છે તેમજ આ ઘટનાની સુચના મૃતકના પરિવારને મોડેથી આપવામાં આવી હતી. સીબીઆઈએ કહ્યું કે, ક્રાઈમ સીન સાથે છેડછાડ થઈ છે. ઘટના પર ઢાંકપીછોડો કરવાની કોશિષ થઈ છે. ત્યારબાદ સુપ્રીમ કોર્ટે કોલકતા પોલીસને ફટકાર લગાવતા કહ્યું કે, પોલીસની આવી લાપરવાહી છેલ્લા ૩૦ વર્ષમાં જોઈ નથી.

દરમ્યાનમાં કોલકતા રેપ એન્ડ મર્ડર કેસમાં સીબીઆઈના સ્ટેટસ રીપોર્ટમાં મોટો ખુલાસો થયો છે કે, ડીએનએ રીપોર્ટમાં આરોપી સંજય રોયના વારદાતમાં સામેલ હોવાની પુષ્ટી થઈ ગઈ છે. પરંતુ સીબીઆઈને આ બનાવમાં ગેંગરેપના સબુત મળ્યા નથી ફોરેન્સીક રીપોર્ટમાં માત્ર સંજય રોયની સંડોવણીના પુરાવા મળ્યા છે. આમ હાલ પુરતુ આ બનાવમાં ગેંગરેપ થયો હોવાની કોઈ પુષ્ટી થઈ નથી. તેમ છતાં સ્વતંત્ર એક્ષ્પર્ટને ફોરેન્સીક રીપોર્ટ મોકલવામાં આવશે. જોકે, હજુ આ મામલે સીબીઆઈ અંતિમ નિર્ણય પર પહોંચી નથી. વ્યક્તિગત નિષ્ણાંતના રીપોર્ટ બાદ સીબીઆઈ અધિકૃત રીપોર્ટ આપશે.

# કોલકતાની મહિલા ડોકટર પર થયેલા બળાત્કારના વિડીયોને હજારો નરાધમોએ ઈન્ટરનેટની પોર્ન સાઈટ પર સર્ચ કર્યો

નવી દિલ્હી,તા. ૨૨:

ભારતમાં હાલમાં માણસાઈને ખરે ખર લોકોએ ત્યજી દીધી હોય તેવું સામે આવ્યું છે. તાજેતરમાં કોલકાતામાં મહિલા તાલીમાર્થી ડોક્ટર પર અત્યાચાર કરી તેની હત્યાની ઘટનાને લઈને સમગ્ર દેશમાં આક્રોશ ફેલાયો છે, પરંતુ આ ઘટનાને લઈને દેશમાં એવું પણ વિચારનારા લોકો છે કે માનવતાનું સૌથી ક્રૂર રૂપ દેખાઈ રહ્યું છે એવું કહી શકાય. મહિલા ડોક્ટર પર થયેલો બળાત્કારના વીડિયોને હજારો નરાધમોએ ઈન્ટરનેટ પરની પોર્ન સાઈટ પર સર્ચ સર્ચ કર્યું હોવાનું ગૂગલ સર્ચમાં ખુલાસો થયો હતો. ૩૧ વર્ષીય ડોક્ટરની હત્યા કરવા પહેલા તેના પર અત્યાચાર કરવામાં આવ્યો હતો. કમનસીબે, પોલીસ ઘટનાસ્થળે પહોંચે તે પહેલાં પીડિતા સાથે થયેલા દુષ્કર્મ અને તેના શરીરની તસવીરો ક્લિક કરીને તેને અનેક સાઈટ્સ પર પોસ્ટ કરવામાં આવી હતી. હવે, મેડિકલ સ્ટાફ સહિત દેશના નાગરિકો પણ આ ઘટનાનો વિરોધ કરતી રેલીઓ અને કેન્ડલ માર્ચ કરવાનું શરૂ કર્યું છે તેમ છતાં સમાજના અમુક લોકોએ આ બધા સાથે અન્યાય કર્યો છે અને તેઓ બેશરમીથી ઈન્ટરનેટ પર ડોક્ટરના ફોટા અને તેના બળાત્કારના વીડિયો શોધી રહ્યા છે.

અહેવાલ મુજબ, ગૂગલ પર આવા ખલેલ પહોંચાડનારા સર્ચ ટ્રેન્ડમાં પીડિતાના ફોટા અને વીડિયોનો તેમ જ પીડિતાના ‘બળાત્કાર પોર્ન’ માટે આ શબ્દ સૌથી વધુ લોકોએ સર્ચ કર્યો છે. તેમ જ આ ચોંકાવનારી માહિતી સામે આવતા હજી પણ ગૂગલ પર આ પ્રકારના સર્ચ કરવામાં આવી રહ્યા હોવાનું પણ સામે આવ્યું છે. ગૂગલ ટ્રેન્ડ્સ પર સર્ચ કરતાં સામે આવ્યું કે પીડિતાના નામ પછી વીડિયો, ‘રેપ વીડિયો જેવા શબ્દો ભારતમાં ખાસ કરીને છેલ્લા ૭ દિવસથી સતત ટ્રેન્ડમાં આવી રહ્યા છે. પીડિતાના શરીરનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું અને તે બાદ તેના પર હિંસક જાતીય હુમલો કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું અને હવે નવા પોસ્ટમોર્ટમમાં જાણવા મળ્યું કે તેનું ગળું દબાવીને હત્યા કરવામાં આવી હતી. છેલ્લા સાત દિવસમાં મીડિયા સાથે શેર કરવામાં આવ્યા હતા, તેમાં જાતીય હુમલાના પુરાવા જાહેર કરવામાં આવ્યા હતા અને શરીર પર ૧૬ બાહ્ય અને ૯ આંતરિક ઈજાના નિશાન હતા.

# છત્તીસગઢમાં આદિવાસી મહિલા પર ગેંગરેપ મહિલાના મિત્ર સહિત ૭ આરોપીઓની ધરપકડ

રાયગઢ તા.૨૨

છત્તીસગઢના રાયગઢમાં એક આદિવાસી મહિલા પર ગેંગરેપ થયો હતો. મહિલા રક્ષાબંધનના દિવસે મેળામાંથી પરત ફરી રહી હતી ત્યારે આ ઘટનાને અંજામ આપવામાં આવી હતી. આરોપીઓમાં મહિલાનો મિત્ર અને તેના ૧૦ મિત્રો સામેલ છે. પોલીસે આ કેસમાં ૭ આરોપીઓની ધરપકડ કરી છે. જેમાંથી એક સગીર હોવાનું કહેવાય છે. માહિતી મુજબ, પુસૌર બ્લોકની રહેવાસી ૨૭ વર્ષીય મહિલા થોડા વર્ષોથી તેના પતિથી અલગ રહે છે. તે સોમવારે તેના પરિચિતો સાથે મીના બજારમાં ગઈ હતી. ત્યાંથી પરત ફરતી વખતે કેટલાક લોકોએ તેની સાથે ગેંગરેપ કર્યો હતો. મંગળવારે આ મામલે ફરિયાદ નોંધવામાં આવી છે.

મહિલા તેના મિત્ર સાથે પરત ફરી રહી હતી. તેના મિત્રએ પહેલા બળાત્કાર કર્યો. આ દરમિયાન આરોપી યુવકના મિત્રો પણ ત્યાં આવી પહોંચ્યા અને તેમણે પણ મહિલા પર ગેંગરેપ ગુજાર્યો. ઘટના બાદ તમામ આરોપીઓ ત્યાંથી ફરાર થઈ ગયા હતા. જે બાદ મહિલા જેમતેમ કરીને પોલીસ સ્ટેશન પહોંચી અને ફરિયાદ નોંધાવી હતી.

# આયુષ્માન ભારત યોજનામાં વ્યાપક ફેરફાર કરવા તૈયારી : પુરૂષો માટે રૂા.૧૦ લાખ - મહિલાઓ માટે રૂા.૧૫ લાખનું વિમા કવચ

નવી દિલ્હી, તા.૨૨:

આયુષ્માન ભારત હેઠળ, વીમા કવચને બમણું કરીને રૂ. ૧૦ લાખ અને મહિલાઓ માટે રૂ. ૧૫ લાખ કરવાની તૈયારીઓ ચાલી રહી છે. આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ખાનગી હોસપિટલોના ૪ લાખ બેડ ઉમેરવાની સાથે સાથે લાભાર્થીઓની સંખ્યા ૫૫ કરોડથી વધારીને ૧૦૦ કરોડ કરવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. એનડીએ સરકારના ત્રીજા કાર્યકાળમાં આ યોજનાને કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયની મુખ્ય પ્રાથમિકતાઓમાંની એક તરીકે રજૂ કરવામાં આવી છે.

ઈન્ડિયન એક્સપ્રેસના રિપોર્ટ અનુસાર, ગ્રુપ ઓફ સેક્રેટરીઝ (GoS) એ આ સ્કીમ પર રિપોર્ટ સબમિટ કર્યો છે. તેને આગામી પાંચ વર્ષ માટેના લક્ષ્યાંકો અને તેમની સિદ્ધિ માટે સમયરેખા નક્કી કરવાનું કાર્ય સોંપવામાં આવ્યું છે. સામાજિક ક્ષેત્ર માટેના ર્એજીમાં આરોગ્ય, આયુષ, રમતગમત, સંસ્કળતિ અને શિક્ષણ સહિત નવ મંત્રાલયોનો સમાવેશ થાય છે. ટૂંક સમયમાં કેબિનેટ સચિવ સમક્ષ પ્રેઝન્ટેશન આપવાની શકયતા છે.

આયુષ્માન ભારત યોજના નરેન્દ્રભાઈ મોદી સરકારની મુખ્ય આરોગ્ય યોજના છે. તે વિશ્વની સૌથી મોટી યોજના હોવાનું કહેવાય છે. હાલમાં તે ૧૨.૩૪ કરોડ પરિવારોને આવરી લે છે. ૫૫ કરોડ લાભાર્થીઓને તેનો લાભ મળી રહ્યો છે. પરિવાર દીઠ રૂ. ૫ લાખનું વાર્ષિક કવરેજ પૂરું પાડે છે. ૩૦ જૂન સુધીમાં ૭.૩૭ કરોડ લોકોએ હોસપિટલોમાં આ યોજનાનો લાભ લીધો હતો. અત્યાર સુધી ૧ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થઈ રહ્યો છે.

ભાજપ આ યોજનાને એનડીએ સરકારની સફળતાની ગાથાઓમાંની એક માને છે અને આ વર્ષે લોકસભા ચૂંટણી માટે પાર્ટીના મેનિફેસ્ટોમાં ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ નાગરિકો સુધી તેનો કવરેજ વિસ્તારવાનું વચન આપવામાં આવ્યું છે.

# ગુજરાતના ચાર ધારાસભ્યો વિરૂધ્ધ મહિલા અપરાધના કેસ

નવી દિલ્હી/ગાંધીનગર તા. ૨૨ :

કોલકાતાના ડોકટરની બળાત્કાર-હત્યાને લઈને દેશભરમાં વિરોધ પ્રદર્શન ચાલુ છે. દરમિયાન મહારાષ્ટ્રના બદલાપુરની ઘટનાએ પણ સમગ્ર દેશને આંચકો આપ્યો હતો. લોકો રસ્તા પર ઉતરીને કડક કાયદાની માંગ કરી રહ્યા છે. પરંતુ કાયદો બનાવવાની સત્તા ધરાવતી સંસદમાં એવા સેંકડો સાંસદો છે જેમની સામે મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓ સંબંધિત કેસ પેન્ડિંગ છે. એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ૧૫૧ વર્તમાન સાંસદો અને ધારાસભ્યોએ મહિલાઓ વિરૂદ્ધ અપરાધોના કેસ નોંધાયેલા છે. તેમાંથી એક તૃતિયાંશથી વધુ એટલે કે ૫૪ ભાજપ સાથે જોડાયેલા છે.ગુજરાતના ચાર વર્તમાન ધારાસભ્યો પર હાલમાં મહિલાઓ વિરૂદ્ધના ગુનાઓ સંબંધિત આરોપોનો સામનો કરવો પડી રહ્યો છે. આ માહિતી તેમના સ્વ-ઘોષિત ચૂંટણી એફિડેવિટ્સ અને એસોસિયેશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ દ્વારા બુધવારે જાહેર કરાયેલા અહેવાલ દ્વારા પ્રકાશમાં આવી છેધારાસભ્યો સત્તાધારી ભાજપ અને વિપક્ષ કોંગ્રેસ બંનેના છે, જેમાં દરેક પક્ષમાંથી બે ધારાસભ્યો છે. આ ઉપરાંત દમણ અને દીવના એક અપક્ષ સાંસદ પર પણ આવા કેસ છે.

આરોપોનો સામનો કરી રહેલા ધારાસભ્યોમાં રાજય વિધાનસભાના ઉપાધ્યક્ષ અને પંચમહાલ જિલ્લાના શહેરા મતવિસ્તારના ભાજપના ધારાસભ્ય જેઠાભાઈ આહિરનો પણ સમાવેશ થાય છે. આહીર પર બળાત્કાર, અપહરણ, મહિલાનો વિનયભંગ અને લગ્ન માટે ફરજ પાડવાના ઈરાદા સાથે મહિલાનું અપહરણ સહિતના ગંભીર ગુનાઓની શ્રેણીનો આરોપ છે. જેઓ ભારતીય દંડ સંહિતાની વિવિધ કલમો હેઠળ આરોપોનો સામનો કરે છે, જેમાં ૩૬૬, ૩૭૬, ૩૫૪, ૩૮૪, ૫૧૧, ૧૭૦, ૪૯૮, ૫૦૬ અને ૨૨(૩)નો સમાવેશ થાય છે.

અમરેલી જિલ્લાના લાઠી મતવિસ્તારના બીજેપીના અન્ય ધારાસભ્ય જનક તલાવિયા પર મહિલાની નમ્રતા અને ઘરના ઉપદ્રવને ઠેસ પહોંચાડવાના ઈરાદા સાથે હુમલો અથવા ફોજદારી બળનો આરોપ મૂકવામાં આવ્યો છે. તલાવિયા પર આઈપીસી કલમ ૩૫૪ અને ૪૫૨ હેઠળ આરોપોનો સામનો કરી રહ્યો છે.

બનાસકાંઠાના વડગામ મતવિસ્તારના કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી પર એક મહિલા પર હુમલો અથવા ફોજદારી બળ પ્રયોગનો આરોપ છે.

જો કે, એ નોંધવું અગત્યનું છે કે કોર્ટે અગાઉ અવલોકન કર્યું હતું કે આ આરોપો ખોટા, વ્યર્થ અને આરોપીને જેલમાં રાખવાના સ્પષ્ટ ઉદ્દેશ્ય સાથે બનાવટી છે. કોર્ટે જાહેર સ્થળોએ અશ્લીલ કૃત્યો અને જાહેર સેવક પર હુમલો કરવા સંબંધિત આરોપોને પણ છોડી દીધા છે. મેવાણી પર શરૂઆતમાં આઈપીસી કલમ ૩૩૨, ૩૫૪, ૪૫૨ અને વધુ હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો.

પાટણ જિલ્લાના પાટણ મતવિસ્તારના કોંગ્રેસના અન્ય ધારાસભ્ય કિરીટકુમાર પટેલ સામે હત્યાનો પ્રયાસ, હત્યાની રકમ ન હોય તેવા દોષી માનવહત્યા, અને ગુનો કરવાના ઈરાદાથી છૂપાવી ઘર-ઘરઘર કે ઘર તોડવાનો આરોપ છે. પટેલ પર આઈપીસી કલમ ૩૦૭, ૪૫૪, ૪૫૭ અને ૩૦૪ હેઠળ આરોપ છે.


જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...

**B.Ed. મેનેજમેનટ કવોટા પ્રવેશ**
**(વર્ષ ૨૦૨૪/૨૫)**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. સંલગ્ન ઉપરોકત બી.એડ્. કોલેજમાં યુનિ. નિયમાનુસાર ૧૫ % મેનેજમેન્ટ કવોટાની સીટ પર પ્રવેશ માટે લાયકાત ધરાવતા **ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, સામાજીક વિજ્ઞાન, કોમર્સ, અર્થશાસ્ત્ર, ગણિત, વિજ્ઞાન** વિષયોમાં પ્રવેશ મેળવવા માટે **પ્રવેશ ફોર્મ ભરેલ હોય કે ના હોય** તેવા વિદ્યાર્થીઓએ તમામ પ્રમાણપત્રો સાથે કોલેજની જાહેરાત પ્રસિધ્ધ થયે દિવસ-૭ માં અરજી કરવી.

**તપોવન કોલેજ ઓફ એજયુકેશન - જૂનાગઢ**
**બિલખા રોડ, પ્લાસવા પાટીયે,**
**પાદરીયા વાયા ટીંબાવાડી - ૩૬૨૦૧૫**
**સંપર્ક : ૯૮૨૫૪ ૭૮૫૪૧**

**સારા લોકેશનમાં બંગલો વેંચવાનો છે ખુબ જ વ્યાજબી કિંમતમાં**

5 BHK બંગલો વેચવાનો છે. શ્રી રાધાકૃષ્ણનગર, ૩૦ ફુટ મેઈન રોડ, પર આવેલ આશરે ૨૦૦ ચોરસ વાર પ્લોટ ઉપર ત્રણ સાઈડ ઓપન, ફુલ ફર્નિચરવાળો ટાઈટલ ક્લીયર જરૂરીયાતની બધી સગવડતા ધરાવતો અને સરળતાથી રૂપિયા એક કરોડ સુધીની બેન્ક લોન મળી શકે તેવા ટાઈટલ ક્લીયર ડોકયુમેન્ટ, વેલ્યુએશન સાથેનો જાત દેખરેખ નીચે બનાવેલ મોકાનો બંગલો, યોગ્ય કિંમતે વેચવાનો છે.

**ભવાનભાઈ આહિર - ૯૬૬૨૫ ૩૫૧૪૬**

**ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા**

**જોષી દાદા** મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮

**નક્ષત્ર – જ્યોતિષ**

શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?

**આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ**

આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.

કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮,
તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ

**ફોન કરીને અવશ્ય આવવું**

જન્માષ્ટમીની હાર્દિક શુભેચ્છા...

**ડો. પ્રતિક ડોબરીયા**
M.B. D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન

**ડોબરીયા ગાયનેક હોસ્પિટલ**

આયુષ્માન ભારત P.M.J.A.Y., માં, યોજના સંલગ્ન હોસ્પિટલ

**PMJAY- MA** યોજના અંતર્ગત મફત સારવાર

મેટરનીટી (પ્રસુતિ) / સોનોગ્રાફી/લેપ્રોસ્કોપી/ વ્યંધત્વ (ઈન્ફર્ટીલીટી)
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ,
ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ

**એપોઈન્ટમેન્ટ મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯**

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે
નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ,
૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

Since 1983

**શંખ બ્રાન્ડ મસાલા**

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો




**ગાયત્રી મસાલા**
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

# આફતમાં સૌથી પહેલા યાદ આવતી - એક જ કોલમાં હાજર થતી ગુજરાતની લાઈફલાઈન સમી ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી સેવા ૨૯મી ઓગસ્ટે ૧૭ વર્ષ પૂર્ણ કરશે

## ૧૦૮ ઇમરજન્સી સેવા શરૂ થઇ ત્યારથી અત્યાર સુધીમાં રેકોર્ડ બ્રેક ૧.૬૬ કરોડથી વધુ કોલ એટેન્ડ કરાયા : ૧૭ વર્ષમાં અંદાજે ૧૫.૫૨ લાખથી વધુ લોકોના જીવ બચાવાયા



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૨

રાજયમાં મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા માટે ૨૦૦૭માં શરૂ થયેલી ૧૦૮ ઈમરજન્સી સેવાને આગામી ૨૯મી ઓગસ્ટે ૧૭ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યા છે. ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ શરૂ થઈ હતી. એક જ કોલમાં દર્દીને હોસ્પિટલ સુધી પહોંચાડનારી આ સેવા થકી ૧૭ વર્ષમાં અંદાજે ૧૫.૫૨ લાખથી વધુ લોકોના જીવ બચ્યા છે, જ્યારે અત્યાર સુધીમાં ૧.૪૩ લાખ બાળકોનો જન્મ એમ્બ્યુલન્સમાં થયો છે. ગુજરાતમાં આપત્તિગ્રસ્ત અને આપાતકાલીન સ્થિતિમાં કોઈ પણ સ્થળે અને કોઈ પણ સમયે તાત્કાલિક મેડીકલ સારવાર અને મદદ માટે સૌ ના હૈયે અને હોઠે ચડતો એકમાત્ર ટોલ ફ્રી નંબર એટલે ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસ. ૨૯ ઓગસ્ટનો એ ઐતિહાસિક દિવસ કે જ્યારે ૧૦૮ સેવાનો ગુજરાત રાજ્યમાં સૌ પ્રથમવાર શુભારંભ થયો હતો. આપત્તિનાં સમયમાં લાખો લોકોના જીવન બચાવનાર ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા જીવાદોરી સમાન બની ગઈ છે. રાજ્યના નાગરિકોના આરોગ્યના હિત માટે વર્ષ ૨૦૦૭માં ઈમરજન્સી તાકીદની સ્થિતમાં જરૂરિયાતમંદ ગંભીર બીમાર કે ઈજાગ્રસ્ત વ્યક્તિને ઝડપથી હોસ્પિટલ પહોચાડવા માટે નિઃશુલ્ક એમ્બ્યુલન્સ પરિવહનની સુવિધા પૂરી પાડવા અને તમામ પ્રકારની મેડિકલ ઈમરજન્સી જેવી કે હૃદયરોગ, કેન્સર, કીડની, પ્રસૂતિ સંબંધિત, ઝેરી જીવજંતુ કરડવું, મારામારીમાં ઘવાયેલ, ગંભીર બીમારી અને દાઝી જવાથી થતી ગંભીર ઈજાઓ, રોડ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત, બીમાર નવજાત શિશુ વગેરે જેવી મેડિકલ ઈમરજન્સીમાં ૨૪ કલાક કાર્યરત અદ્યતન એમ્બ્યુલન્સ સેવા નિઃશુલ્ક મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૦૮ સેવાની શરૂઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭ના રોજ કરવામાં આવી હતી. આ ૧૦૮ યોજનાનું લોકાર્પણ આપણા હાલના વડાપ્રધાન તથા તત્કાલીન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૦૭માં શરૂ કરાયેલી આરોગ્યલક્ષી ૧૦૮ ઈમરજન્સી સેવાનું માળખું આજે અન્ય રાજ્યો માટે એક આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલના સફળ માર્ગદર્શન હેઠળ ગુજરાતના તમામ જિલ્લાનાં શહેરો, તાલુકા અને છેવાડાનાં ગામ સુધી આજે ૧૦૮ ઈમરજન્સી સેવા ૨૪*૭ વિનામૂલ્યે ઉપલબ્ધ થઈ રહી છે, જે ગુજરાતના નાગરિકો માટે આશીર્વાદ સમાન છે. રાજ્યકક્ષાના અદ્યતન ટેક્નોલૉજીસભર સ્ટેટ-ઓફ-આર્ટ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર અમદાવાદના નરોડા કઠવાડા ખાતે પ્રસ્થાપિત કરીને ગુજરાત રાજ્યના તમામ જિલ્લાઓમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અસરકારક રીતે અમલીકરણ કરવામાં આવી છે. ૧૦૮ જીવીકે ઈએમઆરઆઈ ના ચીફ ઓપરેટિંગ ઓફિસર જશંવત પ્રજાપતિના જણાવ્યા અનુસાર, ૨૦ ઓગસ્ટ ૨૦૨૪ સુધીમાં ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવા થકી ૧.૬૩ કરોડ કરતા વધારે લોકોને કટોકટી (મેડિકલ)ના સમયમાં સેવા, ૨.૩૧ લાખથી વધુ પોલીસ અને ૬ હજારથી વધુ ફાયર આમ, કુલ ૧.૬૬ કરોડથી વધુ કોલ એટેન્ડ કરીને સેવા આપવામાં આવી છે. એટલું જ નહીં, ૧૫.૫૨ લાખથી વધુ વિકટ પરિસ્થિતિમાં મુકાયેલી મહામૂલી માનવ જિંદગીઓનો બચાવ કરવામાં આવ્યો છે. જ્યારે ૫૫.૨૫ લાખ કરતાં વધારે પ્રસૂતા માતાને કટોકટીની સ્થિતિમાં તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા ૧,૪૩,૪૩૨થી વધુ ઘટના સ્થળે પ્રસૂતિઓમાં મદદ કરવામાં આવી છે. ૧૦૮ સેવા માટે આવતા કોલ્સ પૈકી મોટાભાગના કોલ્સ પ્રસૂતા માતાઓ માટે ઈમરજન્સી સેવાને લગતા હોય છે. ગુજરાત રાજ્યમાં માતા અને બાળ મૃત્યુદરના સૂચકાંકને લગતા સરકારના લક્ષ્યાંકોને સિદ્ધ કરવામાં ૧૦૮ સેવાનો મહત્ત્વનો ફાળો રહ્યો છે. આ ઉપરાંત રોડ અકસ્માત સંબંધિત ૨૦ લાખ ૨૮ હજારથી વધુ ઈમર્જન્સી તેમજ ૧૬ લાખ ૩૮ હજારથી પણ વધુ લોકોને તાત્કાલિક સારવાર આપીને તેમના જીવ બચાવવામાં આવ્યા છે. આ સિવાય ૧૭ લાખ ૨૨ હજારથી વધુ કોલ્સ પેટમાં દુખાવાની તકલીફની ફરિયાદના, ૭ લાખ ૮૪ હજારથી વધુ કોલ્સ હૃદયરોગ સંબંધિત ઈમરજન્સી માટે, ૯ લાખ ૮ હજારથી વધુ કોલ્સ શ્વાસ લેવામાં પડેલી તકલીફ તેમજ ૭ લાખ ૧૪ હજારથી વધુ કોલ્સ ભારે તાવની ફરિયાદને લઈને મળ્યા છે. અત્યાર સુધીમાં ૫૧.૩૫ કરોડથી વધારે એમ્બ્યુલન્સના કિલોમીટરનું સંચાલન કરવામાં આવ્યું છે. આ તકે લોકોને એક અપીલ કરવાનું મન થાય કે જ્યારે પણ ૧૦૮ એમ્બ્યુલન્સ વાનની સાયરન વાગે ત્યારે ત્વરિત તેને રસ્તો આપી દેવી જોઈએ, કારણ ૧૦૮ની સાયરન એ માત્ર સાયરન જ નહિ પણ કોઈના દિલની ધડકન હોય છે.

**૩૦ હજારથી વધુ કોલ ૧૦૮ સિટીઝન મોબાઇલ એપ્લિકેશન થકી થયા**

૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની ઝડપી સેવા માટે અદ્યતન લોકોપયોગી '૧૦૮ સિટીઝન મોબાઈલ એપ્લીકેશન' શરૂ કરવામાં આવી છે, જેને સાડા ત્રણ લાખ કરતા પણ વધુ લોકોએ ડાઉનલોડ કરી છે. એટલું જનહીં ૩૦ હજારથી વધુ કોલ આ એપ્લિકેશન મારફતે રિસીવ કરવામાં આવ્યા છે.

**રાજ્યભરમાં કુલ ૮૦૦થી વધારે એમ્બ્યુલન્સ કાર્યરત**

૧૦૮ની આ આરોગ્યલક્ષી સેવામાં આજે રાજ્યભરમાં કુલ ૮૦૦થી વધારે એમ્બ્યુલન્સ કાર્યરત છે. દરિયામાં બીમારી અથવા અકસ્માત સમયે મેડિકલની ઈમરજન્સીમાં તાત્કાલિક સારવાર મળી રહે તે માટે પણ રાજ્ય સરકારે નવતર અભિગમ અપનાવીને ૧૦૮ બોટ એમ્બ્યુલન્સ અને ૧૦૮ એર એમ્બ્યુલન્સ પણ કાર્યરત કરી છે. અત્યાર સુધીમાં એર એમ્બ્યુલન્સ થકી ૫૦થી વધુ લોકોના જીવ બચાવવામાં આવ્યા છે, જયારે બોટ એમ્બ્યુલન્સ થકી ૭૪૨ લોકોના જીવ બચ્યા છે.

**૪૦૦૦થી વધુ કર્મચારીઓ ૧૦૮માં સેવામાં આપી રહ્યા છે**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વખતો વખત સેવાઓમાં કાર્યરત એમ્બ્યુલન્સ તેમજ ટેકનોલોજીમાં જરૂરી અપગ્રેડેશન અને ઉમેરો એમ્બ્યુલન્સના સ્ટાફને જરૂરિયાત મુજબ તાલીમ આપવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અધ્યતન ટ્રેનિંગ સેન્ટર, રિસર્ચ સેન્ટર તથા તાલીમાર્થીઓને રહેવાની સગવડ માટે હોસ્ટેલ વગેરે ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવામાં આવ્યું છે. હાલમાં ૪૦૦૦થી વધુ કર્મચારીઓ ૧૦૮માં સેવામાં આપી રહ્યા છે.

**૧૦૮ નંબર ઉપર આવેલા ૯૯ ટકા જેટલા ફોન કોલને પ્રથમ બે રિંગમાં જ પ્રતિસાદ મળી જાય છે**

૧૦૮ નંબર ઉપર આવેલા ૯૯ ટકા જેટલા ફોન કોલ પ્રથમ બે રિંગમાં જ પ્રતિસાદ આપવામાં આવે છે, જે આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ સારી ગુણવતા છે. ૧૦૮ એમ્બ્યુલન્સનો રાજ્યમાં સરેરાશ રિસ્પોન્સ ટાઈમ ૧૮ મિનિટ જેટલો છે, જયારે શહેરી વિસ્તારમાં ૧૧ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ અને ગ્રામીણ વિસ્તારમાં ૨૨ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ છે. એમ્બ્યુલન્સમાં અદ્યતન મેડીકલ સાધનો, દવાઓ, વેન્ટીલેટર મશીન અને તેની સાથે ટેકનોલોજીનો સમન્વય કર્યો છે, જેનો સીધો લાભ કટોકટીની પળોમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોને મળે છે.

# ગામેગામ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ દ્વારા પાકાં મકાનોથી મળી રહ્યો છે નાગરીકોને સ્વ અને સ્વજનોના વિકાસનો આધાર





**પહેલાં વરસાદ, ઠંડી-ગરમીની ઋતુમાં તકલીફો પડતી, વરસાદમાં કાચું મકાન પડવાની ચિંતા રહેતી,હવે પાકું મકાન આપીને સરકારે સુખી કરી દિધાં છે : લાભાર્થી કમાભાઈ ડોરૂ અને પરિવાર**

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખંભાળિયા તાલુકામાં આવેલ કાકાભાઈ સિંહણ ગામના લાભાર્થી કમાભાઈ ગાંગાભાઈ ડોરુંનો ૧૦ વ્યક્તિનો પરિવાર. પતિ, પત્ની બે પુત્રો અને તેમના પરિવાર સાથે તેઓ જુના ફળિયા વિસ્તારમાં નળિયાવાળા કાચાં મકાનમાં રહેતાં. કમાભાઈ તેમજ તેમનાં પુત્રો છુટક મજુરી કામ કરે. બન્ને પુત્રોને પત્ની અને બે પુત્રોનો પરિવાર. આ કાચા મકાનનો ઘણો ભાગ વર્ષો પહેલાં વાવાઝોડામાં પડી ગયેલો, રહેવા માટે લાયક ન હોવા છતાં આ તુટેલા મકાનમાં રહેવા સિવાય કોઈ આરો નહોતો. વરસાદમાં, પવનોમાં અને ઠંડી, ગરમીમાં આધાર ન મળે, તો શૌચાલય કે બાથરૂમની તો વાત જ ક્યાંથી હોય? આવી પરિસ્થિતિમાં વર્ષો વિતતાં હતાં. પરિવારને રહેવા માટે ઘર તો નહોતું પણ પાકું ઘર બનાવવાં માટે જમીન પણ ન હતી. છેવાડાનાં માનવીને યોજનાકીય સહાય દ્વારા પગભર કરીને તેને વિકાસયાત્રામાં જોડવાની સરકારશ્રીની નીતિ અને નિયતને લીધે તેમના પરિવારની વ્હારે સરકાર આવી. તેમને ઘરથાળ યોજના અંતર્ગત ગામનાં ભરવાડવાડા વિસ્તારમાં ૯૦૦ ચોરસ ફુટ જમીન ફાળવવામાં આવી. વધુમાં તેના પર ઘર બાંધવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ અને અન્ય યોજનાઓ અંતર્ગત ઘર બાંધવા માટેની ૧.૫ લાખ જેટલી સહાય મંજૂર કરવામાં આવી. લાભાર્થી કમાભાઈ ડોરું પોતાનો અનુભવ જણાવતાં કહે છે કે, અત્યાર સુધી કોઈ અમારી સંભાળ લેવા આવ્યું નહોતું. અમારી સહાય કરીને પ્લોટ આપવા અને ઘરનો આધાર બનવવા સહાય આપવા માટે સરકારનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. તેમનાં પુત્ર પ્રવિણભાઈ જણાવે છે કે, આ ઘર બનાવવાં માટે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ, મનરેગા, શૌચાલય માટેની સહાય મળીને દોઢ લાખ જેટલી સહાય અલગ અલગ હપ્તાઓમાં મળી છે. આ સહાયથી અમે બે રૂમ, રસોડૂ અને ઓસરીનું મકાન બાંધ્યું છે. બાથરૂમ અને શૌચાલય બનાવ્યાં છે. પહેલાં વરસાદ, ઠંડી-ગરમીની ઋતુમાં તકલીફો પડતી, હવે પાકું મકાન આપીને સરકારે સુખી કરી દિધા છે. વરસાદનો અને પવનોથી ઘર પડવાની ચિંતા મટી છે. ઘરનાં મહિલાઓને વ્યવસ્થિત રસોડું તેમજ શૌચાલયની સુવિધા મળી છે. બાળકોને ભણવા માટે પણ હવે સગવડતા છે. આ ૧૦ વ્યક્તિના પરિવારને રહેવા માટે આધારરૂપ પાકું ઘરનું સ્વપ્ર પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ થકી હકીકત બન્યું. પાકાં મકાનમાં રહેવા મળતાં સમગ્ર પરિવારને જાણે એક આધાર અને આગળ વધવા નવો જુસ્સો મળ્યો. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ ગ્રામ્ય વિસ્તારમાં રહેતાં પરિવારો કે જે ઘરવિહોણાં છે, અથવા કાચા ઘરમાં રહે છે, તેઓને પાકું મકાન બનાવવા માટે સહાય આપીને વિકસિત ભારત માટે "હાઊસિંગ ફોર ઓલ"નાં સ્વપ્રને સાકાર કરવા માટે અમલમાં મુકવામાં આવી છે. આ યોજનાનો લાભ લેવા તેમજ વધુ માહિતી માટે ગ્રામ પંચાયત ખાતે તલાટી કે વી.સી.ઈ.નો સંપર્ક કરીને અરજી કરી શકાશે.

# છાત્રોડાના છત્રેશ્વર-પત્રેશ્વર મહાદેવ મંદિર ખાતે સાતમ-આઠમના તહેવાર નિમિતે બાબા અમરનાથ બર્ફીલી ગુફાના દર્શન યોજાશે



**છેલ્લા ૧૭ વર્ષથી સમસ્ત છાત્રોડા ગામ દ્વારા આયોજન કરાઇ છે, હજારોની સંખ્યા ભાવિ ભક્તો દર્શને આવે છે**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

સાતમ-આઠમના તહેવારને લઈને શિવજીના મંદિર ખાતે દર્શનાર્થીઓની ભારે ભીડ રહેતી હોય છે. ત્યારે છાત્રોડા ગામમાં બાબા અમરનાથના દર્શન થઈ જાય તે માટે સમસ્ત છાત્રોડા ગામ દ્વારા છેલ્લા ૧૭ વર્ષથી છત્રેશ્વર-પત્રેશ્વર મહાદેવના મંદિર ખાતે સાતમ-આઠમના તહેવાર નિમિતે બાબા અમરનાથ બર્ફીલી ગુફાના દર્શનનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તા.૨૫ અને ૨૬ ઓગસ્ટના બે દિવસ એટલે કે સાતમ-આઠમના બાબા અમરનાથ દર્શનનું આયોજન કરાયું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ છાત્રોડા ગામના છત્રેશ્વર-પત્રેશ્વર મહાદેવના મંદિર ખાતે બાબા અમરનાથની બર્ફીલી ગુફાના દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ચાર ધામની પવિત્ર યાત્રાના દર્શન થઈ જાય તે માટે કેદારનાથ મંદિર દર્શન, બદ્રીનાથ મંદિર દર્શન, માં યમનોત્રી મંદિર દર્શન, માં ગંગોત્રી મંદિર દર્શન, રામ ઝુલા અને લક્ષ્મણ ઝુલા, માન સરોવર અને બાબા અમરનાથની બર્ફીલી ગુફાના દર્શનની સાથોસાથ ગ્રામિણ સંસ્કૃતિની અનુભૂતિ થાય તે માટેની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવે છે. ત્યારે આ દર્શનનો લાભ લેવા ધર્મપ્રેમી જનતાને સમસ્ત છાત્રોડા ગામ દ્વારા આંમત્રણ પાઠવવામાં આવે છે તેમ એક યાદીમાં જણાવાયું છે.

# ખંભાળિયાના પોસ વિસ્તારમાં નળની લાઈનમાં ભંગાણ : તંત્ર દ્વારા તાકીદની કાર્યવાહી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

ખંભાળિયા નગરપાલિકાની હદમાં આવતાં રામનાથ સોસાયટી જેવા પોસ વિસ્તારમાં પસાર થતી પાણીની મેઈન લાઈનમાં કોઈ કારણોસર ગઈકાલે ભંગાણ થતા આ અંગે નગરપાલિકાના ચીફ ઓફિસર વ્યાસના માર્ગદર્શન હેઠળ ઈજનેર એન.આર. નંદાણીયા તથા તેમની ટીમે તાકીદે દોડી જઈને સઘન ઓપરેશન હાથ ધર્યું હતું. અહીં લાંબી જહેમત બાદ



સ્ટાફ દ્વારા આખી રાત કામ કરીને રીપેરીંગ કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી અને આ વિસ્તારના રહીશોને પાણીનો પુરવઠો રાબેતા મુજબ મળી રહે તે માટે વોટર વર્કસની ટીમ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી હતી.

# ભારત અને પોલેન્ડના સંબંધોમાં ગુજરાતની ભૂમિકા ઇતિહાસના પાનાઓમાં સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી છે : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૨૧ અને ૨૨ ઓગષ્ટ એ યુરોપના પોલેન્ડ દેશની મુલાકાતે છે. વડાપ્રધાનએ પોલેન્ડના વોર્સોમાં સ્થિત સ્ક્વેર ઓફ ગુડ મહારાજા ખાતે ગુજરાતના નવા નગરના જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાના સન્માનમાં બનાવેલ સ્મારકે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ મુલાકાતને આવકારીને ટ્વિટમાં જણાવ્યું કે, ભારત અને પોલેન્ડના સંબંધોમાં ગુજરાતની ભૂમિકા ઈતિહાસના પાનામાં સુવર્ણ અક્ષરોમાં સચવાયેલી છે.વડાપ્રધાનની આ મુલાકાત ભારત અને પોલેન્ડ વચ્ચેના સંબંધોને વધુ સુદ્રઢ બનાવશે. રાજયના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ મુલાકાતને ગુજરાત અને સમગ્ર દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ હોવાનું જણાવી આ મુલાકાત "વિકાસ ભી, વિરાસત ભીના" મંત્રને સાર્થક કરે છે તેમ ઉમેર્યું હતું. વધુમાં મંત્રીએ જણાવ્યું હતું કે, જામસાહેબના નામથી વોર્સોવામાં મહારાજા સ્ટેટના સ્મારક ઉપરાંત, પોલેન્ડમાં કેટલીક સ્કૂલના નામ, રોડના નામ પણ દિગ્વિજયસિંહ જાડેજાની સ્મૃતિમાં આપવામાં આવ્યા છે. મંત્રી ઋષિકેશ પટેલ એ જામસાહેબના યોગદાનનું સ્મરણ કરતાં જણાવ્યું હતું કે, બીજા વિશ્વયુદ્ધ દરમિયાન થયેલા તોફાનોને કારણે પોલેન્ડના ૬૦૦ જેટલા બાળકોને ગુજરાતમાં આશ્રયનું સ્થાન આપ્યું હતું . આ બાળકોને રહેવા માટેનું ઉત્તમ સ્થાન , શિક્ષણ અને ભોજન સહિતની જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ પૂરી પાડી હતી. વિશ્વયુદ્ધ પૂર્ણ થઈ ગયા પછી જામ સાહેબે બધા જ બાળકોને પોલેન્ડ પરત મોકલ્યા હતા. જામસાહેબ દિગ્વિજયસિંહ જાડેજાના આ સેવાકાર્યો સમગ્ર ભારત અને ગુજરાત માટે કાયમના સંસ્મરણો બની રહ્યા છે તેમ મંત્રી શ્રી ઋષિકેશ પટેલ એ ઉમેર્યું હતું.

# જૂનાગઢમાં રાજગોર સમાજના સમુહ ભોજનમાં ૬૦૦ પરિવારોએ એક સાથે ભોજન લીધુ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢમાં રાજગોર બ્રાહ્મણ યુવક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વિદ્યાર્થી ભુવન ખાતે રક્ષાબંધન નિમીતે સમુહ ભોજનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૬૦૦થી વધુ પરિવારોએ એક સાથે ભુદેવોના પ્રિય એવા ચુરમાના લાડુ, ભજીયા, ખમણ, શાક-રોટલી સહિતના પ્રસાદ એક પંગતમાં બેસી લીધો હતો. આ કાર્યક્રમમાં જૂનાગઢના જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા કે જેઓએ માત્ર સવા વર્ષની ફરજ દરમ્યાન જીલ્લાની પ્રજાને શાંતિ અને સલામતીનો અહેસાસ કરાવ્યો છે. એસપી હર્ષદ મહેતાનું ફુલહાર પહેરાવી સાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

# જન્માષ્ટમી ઉત્સવ ૨૦૨૪ : દ્વારકામાં સર્કિટ હાઉસ પાછળના ગ્રાઉન્ડ ખાતે પ્રાદેશિક 'સરસ મેળો' યોજાશે : સ્વ-સહાય જૂથો દ્વારા ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ કરાશે

**રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની દ્વારા તા.૨૨ ઓગસ્ટથી તા.૩૧ ઓગસ્ટ સુધી આયોજન : આજે તા.૨૨ ઓગસ્ટના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લા પંચાયત પ્રમુખના હસ્તે કરાશે મેળાનો શુભારંભ**

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૨

સમગ્ર દેશમાં મહિલાઓના સશક્તિકરણ માટે રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન (NRLM) હેઠળ બહેનોના સ્વ સહાય જૂથોની રચના કરી તેમનું ક્ષમતાવર્ધન, કૌશલ્ય, તાલીમ વગેરે દ્વારા આજીવિકાલક્ષી પ્રવૃતિઓ માટે પ્રોત્સાહન કરવામાં આવે છે. આ સ્વ સહાય જૂથો દ્વારા ઉત્પાદિત વિવિધ વસ્તુઓને સીધુ બજાર મળી રહે તે માટે વિવિધ મેળાઓ અને પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે. જન્માષ્ટમી પર્વના ઉપલક્ષમાં દ્વારકા ખાતે બહોળી સંખ્યામાં ભાવિકો આવતા હોય તે દરમ્યાન સ્વ-સહાય જૂથોની બહેનોને તેમના દ્વારા વેચાણ કરવામાં આવતી, ઉત્પાદન કરવામાં આવતી વસ્તુઓને સારૂ માર્કેટ મળી રહે તે માટે ગુજરાત સરકારના ગ્રામ વિકાસ વિભાગના ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લી. દ્વારા તા.૨૨-૮-૨૦૨૪ થી ૩૧-૮-૨૦૨૪ દરમ્યાન સર્કિટ હાઉસ પાછળના મેદાન, ચોપાટી રોડ, દ્વારકા ખાતે વિશાળ પ્રાદેશિક 'સરસ મેળા'નું આયોજન કરવામાં આવેલ છે. આ મેળામાં સમગ્ર રાજ્યભર માંથી ૫૦ સ્વ-સહાય જૂથો દ્વારકા ખાતે મેળામાં સહભાગી થનાર છે. આ મેળાનો શુભારંભ આજે તા.૨૨-૮-૨૦૨૪ના રોજ જિલ્લા પંચાયત પ્રમુખ રિદ્ધિબા જાડેજાના વરદ હસ્તે કરવામાં આવનાર છે.

# એશિયાઈ સિંહ સંરક્ષણમાં વનવિભાગની સાથે સૌરાષ્ટ્રના લોકોનો પણ ખૂબ મોટો ફાળો

## વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગને લોકો સહાયક બની આપી રહ્યા છે સહકાર



જૂનાગઢ તા. ૨૨

વિશ્વમાં એશિયાઈ સિંહનું એકમાત્ર નિવાસ સ્થળ 'ગીર' છે. ગુજરાતનું ગૌરવ એશિયાઈ સિંહ સૌરાષ્ટ્રના ૨૦,૦૦૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં મુક્તપણે પરિભ્રમણ કરે છે. જેના સંરક્ષણમાં વન વિભાગની સાથે સાથે સૌરાષ્ટ્રના લોકોનો પણ ખૂબ જ મોટો ફાળો રહેલો છે. સ્થાનિક લોકોના સહકારને કારણે આજે ગીર સંરક્ષિત વિસ્તાર, સિંહોની વસ્તીના સંરક્ષણ અને માનવીય પ્રભુત્વ ધરાવતી જગ્યા ઉપર પણ સિંહની વસ્તીમાં વધારો દર્શાવતી એક અદભુત વાત બની છે. આ અવિરત પ્રયાસનો લાભ લઈને સિંહો હવે જોખમની બહાર આવી ગયા છે, અને અગાઉ જ્યાંથી તેઓ નામશેષ થઈ ગયા હતા તેવા વિસ્તારોમાં પણ પોતાની વસાહતો પુનઃસ્થાપિત કરી છે. સિંહની અત્યાર સુધીની જીવન સફર ખરેખર ખૂબ જ કપરી રહી છે, પરંતુ જંગલના રાજા એશિયાઈ સિંહોએ કપરા સમયમાંથી ઉભરીને સિંહ પ્રજાતિ ખરેખર જંગલનો રાજા હોવાનું સાબિત કરી દીધું છે, અને તેથી જ ગીર જંગલ માત્ર પારસ્પરિક મહત્વતા નથી ધરાવતો પરંતુ તે આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક, રાજકીય અને નૈતિક મૂલ્યોની દ્રષ્ટિએ પણ ગુજરાતના લોકોના હૃદય સ્થાનમાં બિરાજે છે. જેનું જતન કરવું તે વન વિભાગના સ્ટાફની સાથે ગુજરાતની ગૌરવંતી પ્રજાની પણ ફરજ છે. જેથી વન્ય પ્રાણીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકોના વન વિભાગને સહકાર તથા સહાયક બનવા માટે જાણ કરવામાં આવે છે.

વન્યપ્રાણી અવરજવર વાળા વિસ્તારોમાં ખેડૂતોને પાક રક્ષણ માટે ઈલેક્ટ્રીક શોક ન મૂકવા માટે નમ્ર અપીલ કરવામાં આવે છે. ઈલેક્ટ્રીક શોકના કારણે વન્ય પ્રાણીઓની સાથે સાથે ઘણી વખત તેમના કીંમતી પશુઓ તેમજ લોકોનો પણ ભોગ બનવો સામે આવેલ છે, માટે ખેતર ફરતે ઈલેક્ટ્રીક શોક ન મૂકવો જોઈએ. ઉપરાંત વન્યપ્રાણી પરિભ્રમણ વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે જોખમરૂપ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા જોઈએ. આ ખુલ્લા કુવાઓ સુરક્ષિત કરવા માટે ગુજરાત સરકારની હાલમાં ચાલતી ખુલ્લા કુવા પારાપેટ હોલ બાંધી સુરક્ષિત કરવા અંગેની યોજના જેમાં ૯૦% સબસીડી સરકાર શ્રી તરફથી આપવામાં આવે છે. જેનો લાભ લેવા અપીલ કરવામાં આવે છે. રેવન્યુ વિસ્તારમાં પરપ્રાંતીય લોકો રહેતા હોય છે, જે મૂળ શિકારી પ્રવૃત્તિથી ટેવાયેલા હોય છે. આવા કોઈ શંકાસ્પદ કે શિકારી પ્રવૃત્તિઓ ધ્યાને આવે તો નજીકના વન વિભાગની કચેરી અથવા તો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૦૭૮૯ અથવા ૧૯૨૬ પર સંપર્ક કરવા નાયબ વન સંરક્ષક ગીર પશ્ચિમ વિભાગ દ્વારા અખબારી યાદીમાં જણાવેલ છે.

# સીમાસી અને દિવરાણા ગામે આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક કૃષિ વિષયે કિસાન ગોષ્ઠી કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા. ૨૨

રાજ્યના ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની માહિતી અને માર્ગદર્શન આપવા આત્મા પ્રોજેક્ટના વિવિધ માધ્યમો દ્વારા કાર્ય કરી રહ્યુ છે. રાજ્યના ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ કરે અને તેમનો ખેતી ખર્ચ ઘટે તેમજ જમીનની ફળદ્રુપતા અને સમગ્ર જીવસૃષ્ટિનું આરોગ્ય જળવાઈ રહે તેમજ પર્યાવરણમાં પણ સંતુલન બની રહે તે માટે રાજ્ય સરકારશ્રી દ્વારા પ્રાકૃતિક કૃષિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. પ્રાકૃતિક કૃષિ અંતર્ગત આત્મા પ્રોજેક્ટ જૂનાગઢ દ્વારા મેંદરડા તાલુકાના સીમાસી ગામ તથા માંગરોળ તાલુકાના દિવરાણા ગામ ખાતે પ્રાકૃતિક કૃષિ અન્વયે કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાકૃતિક કૃષિની આપણે કેમ જરૂર પડી અને તેનાથી થતા ફાયદા બાબતે ઉપસ્થિત ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રાકૃતિક કૃષિ ખરીફ પાકોમાં શા માટે આજના સમયની જરૂરિયાત છે, જમીનની ફળદ્રુપતામાં પ્રાકૃતિક કૃષિનો ફાળો, જમીનમાં ઓર્ગેનિક કાર્બન વધારવાનાં ઉપાયો, પર્યાવરણનું જતન, ઉપરાંત દેશી ગાયના છાણ અને ગૌમુત્ર દ્વારા જીવામૃત, ઘન જીવામૃત બનાવવાની પદ્ધતિ તથા તેની ઉપયોગીતા અને ફાયદાઓ વિશે નું માર્ગદર્શન આપવામા આવ્યુ હતું. આ કાર્યક્રમમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર દિપક રાઠોડ, ડેપ્યુટી પ્રોજેક્ટ ડાયરેક્ટર એસ.કે.પરમાર તથા કૃષિ યુનિવર્સિટી જૂનાગઢનાં વૈજ્ઞાનિકો હાજર રહી ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું, તથા મહિલા અને બાળવિકાસ શાખાના અધિકારીશ્રી દ્વારા મહિલાઓના અધિકારો વિશે પણ જાણકારી આપવામાં આવી હતી, અને મહિલા ખેડૂતો સૌથી વધારેને વધારે પ્રાકૃતિક કૃષિ કરે અને આપણા એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરે તે બાબતે જણાવ્યું હતું.

# યાત્રાધામ દ્વારકા બાદ હવે બેટ દ્વારકાની પણ થશે કાયાપલટ, ૧૫૦ કરોડના ખર્ચે ટુરિસ્ટ ડેસ્ટિનેશનના આયોજનો



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૨૨

છેલ્લા આશરે એકાદ દાયકાના સમયગાળા દરમ્યાન કેન્દ્ર તથા રાજ્ય સરકાર દ્વારા દેવભૂમિ દ્વારકાના વિવિધ ધર્મસ્થળોના વિકાસને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. જેમાં દ્વારકાના સુદર્શન બ્રિજ તેમજ સુદામા સેતુ વિગેરેના નિર્માણ સાથે રસ્તાઓ પણ ટનાટન બની જતા અહીં આવતા યાત્રાળુઓ-પ્રવાસીઓની સંખ્યા દિવસે વધી રહી છે. આ પરિસ્થિતિમાં દ્વારકા સાથે બેટ દ્વારકાના વિવિધ સ્થળોમાં પણ વિકાસ કાર્યો માટે પ્રથમ તબક્કાના રૂપિયા ૧૫૦ કરોડની ફાળવણી સરકાર દ્વારા કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકામાં આવતા શ્રદ્ધાળુઓ, યાત્રાળુઓની સુવિધા અર્થે કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ માટે સાંસદ પૂનમબેન માડમ તેમજ રાજ્ય સરકારના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા દ્વારા સમયાંતરે કરવામાં આવતી રજૂઆતો તેમજ પ્રયાસોને સફળતા મળી રહી છે. જેમાં દ્વારકાના વિકાસ બાદ હવે ભગવાન શ્રીકૃષ્ણની નગરી બેટ દ્વારકામાં પણ વર્લ્ડ ક્લાસ સ્તરે કાયાપલટ માટેના આયોજનો થઈ રહ્યા છે. બેટ દ્વારકાનો ત્રણ તબક્કામાં વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રથમ તબક્કા માટે રૂપિયા ૧૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે જેમાં બેટ દ્વારકાના મુખ્ય મંદિરથી બીચ સુધીના વિસ્તારને કરોડો રૂપિયાના ખર્ચે વિકસાવવામાં આવશે. ડોલ્ફિન માટે જાણીતો એક માત્ર બેટ દ્વારકાનો નોર્થ પદમ બીચ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે. આગામી સમયમાં ફેઝ ૨ અને ૩ અંતર્ગત યાત્રિક સુવિધામાં પણ વધારો કરવા વિવિધ પ્રકારના કામોનું આયોજન કરવામાં આવ્યું છે.

વધુમાં જાણવા મળતી વિગત મુજબ બેટ દ્વારકા-હનુમાન દાંડીને સાંકળતા માર્ગ પર હેરિટેજ થીમ હેઠળ લાઈટિંગ, ભીંતચિત્રો, બેઠક વ્યવસ્થા વિગેરે ઉપરાંત પબ્લિક પાર્ક, ખાણીપીણીના સ્ટોલ, વોક-વે વિગેરે સુવિધા પણ ઉભી કરવામાં આવશે. જેનાથી અહીં નયનરમ્ય દ્રશ્યોનો લાભ યાત્રાળુઓ લઈ શકશે. બેટ દ્વારકામાં સુદર્શન સેતુના નિર્માણ બાદ યાત્રાળુઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. ત્યારે દ્વારકા જિલ્લા સાથે અન્ય ધાર્મિક સ્થળો અને ઐતિહાસિક સ્થળોએ ટુરિસ્ટ ડેસ્ટિનેશનને કરોડો રૂપિયાના ખર્ચે પ્રવાસીઓ માટે વિકસાવવામાં આવી રહ્યા છે.

# શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ દ્વારા જરૂરીયાતમંદ ૫૦ કુટુંબોને વિનામુલ્યે અનાજ અને મીઠાઈ તેમજ ફરસાણ વિતરણ કરાયું



જૂનાગઢ, તા.૨૨

શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ – જૂનાગઢ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે વિનામુલ્યે જરૂરીયાતમંદ કુટુંબોને અનાજ વિતરણ કરવામાં આવે છે તો તેનાં અનુસંધાને આ વખતે ઓગસ્ટ મહિનામાં તા. ૧૮।૮।૨૦૨ ને રવિવારનાં રોજ આદર્શ પ્રાયમરી સ્કુલ, દુબડી પ્લોટ, ગરબી ચોક - જુનાગઢ ખાતે જરૂરીયાતમંદ ૫૦ (પચાસ) કુટુંબોને તેલ, ખીચડી, ખાંડ, ચાની ભુકી, ચોખાનાં પૌવા, મકાઈ નાં પૌવા, નિમક(મીઠું), ચટણી, હળદર, ઘાણાજીરૂ, ચણાનો લોટ, મેંદાનો લોટ, ચણા, ચણા ની દાળ, લીલા વટાણા, સીંગદાણા, ન્હાવાનો સાબુ, કપડાં ધોવાનો સાબુ, કપડા ધોવાનો પાવડર, મીક્સ મીઠાઈ, મમરાની થેલી, મિકસ ચવાણું, ફરાળી ચેવડો, પારલે બિસ્કીટ એમ કુલ ૨૪ (ચોવીસ) આઈટમ આપવામાં આવી હતી. આ અનાજ અને મીઠાઈ તેમજ ફરસાણ વિતરણનાં પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે જૂનાગઢનાં ટેક્ષ કન્સલ્ટન્ટ અને એન.એસ.પી મ્યુઝિકલ ગૃપનાં પ્રમુખ ચંદુભાઈ લોઢીયા, સમાજ સેવક નરસિંહભાઈ વાઘેલા, વજુભાઈ ઘકાણ, પ્રતિકભાઈ મિશ્રાણી, નિકુંજભાઈ ભાલાણી, અરવિંદભાઈ મારડીયા, હરસુખભાઈ પાલા, હર્ષભાઈ ઠાકર, ભાર્ગવભાઈ માંડલીયા, મહિલા અગ્રણી જયશ્રીબેન ગાલોરીયા, નીલાબેન ભટ્ટ, રેખાબેન સ્વાદીયા, દેવીબેન દવે, રોહિણીબેન આચાર્ય, નોમાબેન ઠાકર, રમીલાબેન ઘુચલા, ભાવનાબેન કે.વૈષ્નવ, રોશનીબેન ઘુચલા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ અનાજ, મીઠાઈ અને ફરસાણ વિતરણનાં પ્રસંગે તમામ ઉપસ્થિત મહેમાનોએ આ સંસ્થાની સેવાકીય પ્રવૃતિને બિરદાવી હતી. આ અનાજ, મીઠાઈ અને ફરસાણ વિતરણનાં પ્રસંગે જૂનાગઢનાં નામી અનામી તેમજ બહાર ગામથી પણ દાતાઓનો સહકાર મળ્યો હતો. આ સેવાકીય કાર્યને સફળ બનાવવા સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલાએ જહેમત ઉઠાવી હતી.

# દેશભરમાં ભદ્રાદોષને ફગાવી રક્ષાબંધન પર્વ ઉજવતા દેશવાસીઓ : વિજ્ઞાન જાથા




રાજકોટ, તા.૨૨

દેશભરમાં રક્ષાબંધન પર્વ લોકોએ ભદ્રાવિષ્ટિ, ભદ્રાદોષને ફગાવી આનંદ, ઉલ્લાસ, પ્રેમ–સ્નેહના તાંતણે ઉજવણી કરી ત્યૌહાર–પર્વમાં અવરોધક જયોતિષીઓ, લેભાગુઓને આલબેલ આપી ચેતવણી જોવા મળી હતી. પર્વ નિમિત્તે સવારથી બહેનોએ ભાઈને રાખડી બાંધી, ફળકથનોનો ઉલાળીયો કર્યો હતો. રાજયમાં જિલ્લા મથકોએ સામુહિક રક્ષાબંધન પર્વમાં નકારાત્મક આગાહીઓની હોળી કરી ભદ્રાવિષ્ટિને બાળીને ભસ્મ કરી નવાંગતુક વિચારોને પ્રાધાન્ય આપ્યું હતું. શંકા–કુશંકાને અવગણી લોકોએ પર્વની ઉજવણી કરી હતી. ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો જબરો પ્રતિસાદ જોવા મળ્યો હતો. રાજકોટ ખાતે રૈયા રોડ, જીવનનગર વિસ્તારમાં સામુહિક રક્ષાબંધન પર્વમાં બહેનોએ ભાઈને રાખડી બાંધી હતી, મોં મીઠા કરી, જયોતિષીઓના ફળકથનોની હોળી કરી લેભાગુઓ વિરૂદ્ધ સુત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. ત્યૌહાર–ઉત્સવ પ્રસંગે જયોતિષીઓની સલાહની જરૂર નથી તેવો મત પ્રગટ કર્યો હતો. રાજયના જિલ્લા મથકોએ રાખડી બાંધી, ભદ્રાવિષ્ટિ, ભદ્રાદોષને બાળીને ભસ્મ કરવામાં આવી હતી. ૨૧મી સદીમાં મુર્હુત, ચોઘડીયાને તિલાંજલિની વાત મુકવામાં આવી હતી. નવાંગતુક વિચારોથી સમાજ, રાષ્ટ્રની ઉન્નતિ થાય છે તે સંબંધી વાત કરવામાં આવી હતી. જાથાના ચેરમેન–એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે સદીઓથી જયોતિષીઓ, લેભાગુઓ ત્યૌહાર, ઉત્સવ પ્રસંગે અસમંજસ ઉભી કરી વાતાવરણ ડહોળવામાં આવે છે તેની ચિંતા વ્યક્ત કરી હતી. રક્ષાબંધન પર્વ આનંદ–ઉલ્લાસ, ભાઈ–બહેનનો વિશિષ્ટ ત્યૌહાર છે તેમાં મુર્હુત, ચોઘડીયા જોવાની જરૂર નથી. માનવીએ ચંદ્ર–મંગળ ઉપર વસવાટની તૈયારી કરી લીધી છે ત્યારે જુના–રદી વિચારોને તિલાંજલિ આપવી જોઈએ. કુરિવાજ, કુપ્રથા, ગેરમાન્યતા, વર્ષો જુની પરંપરાથી આખરે દેશને નુકશાની મળી છે તેથી જાગવાની જરૂર છે. ભાવિ પેઢીને ધ્યાનમાં રાખી અનુસરવું જોઈએ. જયોતિષને વિજ્ઞાનનો કોઈ આધાર નથી. આભાસી, કપોળકલ્પિત શાસ્ત્ર છે. તેનો પાયો જ અસત્ય ઉપર ઉભેલો છે, તેના ફળકથનો બકવાસ સાબિત થાય છે. રાજયમાં જાથાના વિચારો લોકોને ગમે છે તેને અમલમાં મુકી લોકો સવારથી રાખડી બાંધી પર્વ ઉજવે છે તે સારી બાબત છે. નકારાત્મક આગાહી કરનાર જયોતિષીઓ માટે આલબેલ છે. જાથાની અપીલનો જબરો પ્રતિસાદ જોવા મળ્યો હતો.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ ૨૦૨૪-૨૫ માટે નવો એલએલબી અને બીએ એલએલબી પ્રોગ્રામ શરૂ કર્યો

## બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂર કરાયેલા કોર્સિસ વિદ્યાર્થીઓને પ્રેક્ટિલ એક્સપોઝર સાથે અદ્યતન કાયદાનું શિક્ષણ પ્રદાન કરશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સ્થિત સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ હાલમાં જ સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ હેઠળ બે નવા પ્રોગ્રામ લોન્ચ કર્યા હોવાની જાહેરાત કરી છે. આ બે નવા કોર્સ- ત્રણ વર્ષનો એલએલબી કોર્સ અને પાંચ વર્ષનો ઈન્ટિગ્રેટેડ બી.એ. એલએલબી કોર્સ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫થી શરૂ થશે. બંને કોર્સને ભારતની કાનૂની પ્રેક્ટિસ અને કાયદા શિક્ષણ બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોગ્રામની એડમિશન પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે, યુનિવર્સિટી આ કોર્સિસ માટે લાયક ઉમેદવારોને અરજી કરવા આમંત્રિત કરે છે. કાયદા ક્ષેત્રે ઉભરતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખતાંસ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ લૉ દ્વારા ઓફર કરવામાં આવતા આ પ્રત્યેક કોર્સ વિદ્યાર્થીઓને કાયદાકીય સિદ્ધાંતોને સમજવા માટે મજબૂત પાયો પૂરો પાડશે. જે વિદ્યાર્થીઓએ કોઈપણ વિદ્યાશાખા (સ્ટ્રીમ)માં ૧૦ ૨માં ઓછામાં ઓછા ૪૫% માર્કસ મેળવ્યા હોય, તેઓ પાંચ વર્ષના બી.એ. એલએલબીપ્રોગ્રામ માટે અરજી કરવા પાત્ર રહેશે. ત્રણ વર્ષના એલએલબીપ્રોગ્રામ માટે, કોઈપણ ક્ષેત્રમાંથી સ્નાતક ઉમેદવારો કે, જેમણે ઓછામાં ઓછા ૪૫% ગુણ મેળવ્યા હોય તેઓ અરજી કરવા પાત્ર છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ.રાગીન શાહે જણાવ્યું હતું કે, "સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટીમાં, અમે હંમેશા વિવિધ ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાનો પ્રયત્ન કર્યો છે. લીગલ પ્રોફેશનમાં વિકસતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અમે સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ લૉ ખાતે અમારા નવા એલએલબીઅને બીએ એલએલબીપ્રોગ્રામ્સ શરૂ કરવા બદલ ખૂબ જ ગર્વ અનુભવીએ છીએ. અમે અમારા વિદ્યાર્થીઓને તેમની કારકિર્દીમાં શ્રેષ્ઠ બનાવવા, ઈનોવેશન અને આંત્રપ્રિન્યોરશિપને પ્રોત્સાહન આપી સમાજમાં અર્થપૂર્ણ યોગદાન આપવા માટે સશક્ત બનાવવાનો પ્રયાસ કરીએ છીએ. અમે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં આ કોર્સિસમાં વિદ્યાર્થીઓની પ્રથમ બેન્ચને આવકારવા ઉત્સુક છીએ."

વધુમાં યુનિવર્સિટીની પ્લેસમેન્ટ સેલ વિદ્યાર્થીઓને લૉ કંપનીઓ, પ્રતિષ્ઠિત કોર્પોરેટ લીગલ ડિપાર્ટમેન્ટ અને પબ્લિક સર્વિસિઝ ડોમેઈનમાં ઉંચા પદ પર કામ કરવાની યોગ્ય તક પ્રદાન કરશે. એલએલબી અને બીએ એલએલબી પ્રોગ્રામ્સ માટે અરજી પ્રક્રિયા ચાલુ છે, ઈચ્છુક ઉમેદવારો આ કોર્સમાં વહેલાં ધોરણે અરજી કરી એડમિશન મેળવી શકશે.

# અત્યાર સુધીમાં ૨૨ લાખ નવા ખાતાની સાથે સાથે રૂા. ૬,૫૦૦ કરોડની માતબર ડિપોઝિટ પણ જમા થઈ : સહકાર રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્મા

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત સહિત દેશભરમાં સહકારિતા માળખાને વધુને વધુ મજબૂત બનાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં દેશમાં પ્રથમ વખત સહકારીતા મંત્રાલયની સ્થાપના કરવામાં આવી છે. 'કો - ઓપરેશન અમોન્ગ કો-ઓપરેટીવસ'ના લક્ષ્યાંક સાથે રાજ્યની તમામ સહકારી મંડળીઓ, પશુપાલકો અને દૂધ મંડળીઓના ખાતા જિલ્લાની સહકારી બેંકમાં ખોલાવવા અને તેમાં જ તમામ વ્યવહાર કરવા કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિત શાહે દેશવ્યાપી અનુરોધ કર્યો છે. જેના ભાગરૂપે ગુજરાતમાં અત્યાર સુધીમાં સૌથી વધુ અંદાજે ૨૨ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા છે. આ ખાતાઓમાં રૂા.૬,૫૦૦ કરોડની માતબર રકમની ડિપોઝિટ પણ જમા થઈ છે તેમ વિધાનસભા ગૃહમાં પૂછાયેલા ટૂંકી મુદતના પ્રશ્નનો જવાબ આપતાં સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું. મંત્રી વિશ્વકર્માએ ડીસાના ધારાસભ્ય પ્રવિણ માળીના પ્રશ્નનો પ્રત્યુતર આપતા કહ્યું હતું કે, બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત સહકારી મંડળીઓના ખાતા જિલ્લા સહકારી બેંકમાં ખોલવવા માટે સમજૂતી કરવામાં આવી હતી. જે હેઠળ એપ્રિલ ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪સુધીમાં બનાસકાંઠામાં કુલ ૬૧૬ દૂધ મંડળીઓના નવા ખાતા જિલ્લા મધ્યસ્થ સરકારી બેંકમાં ખોલવામાં આવ્યા છે. આ પાયલોટ પ્રોજેક્ટમાં સૌ પ્રથમ બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાની પસંદગી કરવામાં આવી છે. આ જિલ્લાઓમાં એક વર્ષમાં અંદાજે ૪ લાખ નવા ખાતા ખોલવામાં આવ્યા છે જેમાં ૧,૨૦૦ કરોડ ડિપોઝિટ જમા થઈ છે. મંત્રી વિશ્વકર્માએ પૂરક પ્રશ્નોનો જવાબ આપતાં ગૃહમાં કહ્યું હતું કે, જિલ્લાના છેવાડાના તમામ ગામોમાં બેંકિંગ સુવિધા મળી રહે તેવા ઉમદા હેતુ સાથે ગામે ગામ 'બેંક મિત્ર' બનાવી તેમના માધ્યમથી 'માઈક્રો છ્સ' આપવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.ગામના સભાસદોને જ્યારે પણ માઈક્રો ATM દ્વારા પૈસાની લેવડ-દેવડ કરવી હશે ત્યારે 'બેંક મિત્ર' તેમના ઘરે જઈને તેમને મદદ કરશે. આ 'માઈક્રો ATM' અને 'બેંક મિત્ર'ની સેવા ઉપલબ્ધ થવાથી ગામના લોકોને નાણાકીય વ્યવહાર માટે જિલ્લા-તાલુકા મથકે જવું નહીં પડે. આ સાથે જિલ્લામાં સહકારી ક્ષેત્રે e-બેંકિંગનું સૌથી વધુ કામ ગુજરાતમાં પંચમહાલમાં થઈ રહ્યું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# નિરાશ ભારતીયોના તૂટેલા દિલ પર હોકી ટીમે કાંસ્ય પદક જીતીને મલમ લગાવવાનું કામ કર્યું

પેરિસ ઓલિમ્પિકમાં વિનેશ ફોગટ સાથે થયેલ અપ્રિય ઘટનાક્રમથી નિરાશ ભારતીયોના તૂટેલા દિલ પર હોકી ટીમે કાંસ્ય પદક જીતીને મલમ લગાવવાનું કામ કર્યું છે. હોકી ટીમે સ્પેનને ૨-૧થી હરાવીને કાંસ્ય પદક દેશના નામે કર્યો. ટીમે સતત બીજા ઓલિમ્પિકમાં પણ હોકીનો કાંસ્ય પદક ભારતને અપાવ્યો. ટીમની દૃઢતા અને ટીમ ભાવનાને કારણે એ સફળતા મળી છે. પોતાના આ પરંપરાગત ખેલથી ભારતીયોનું ભાવનાત્મક જોડાણ હંમેશાં રહ્યું છે, જેણે ભારતીય ટીમને આધાર આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારતીય ટીમે મજબૂત ટીમોને હરાવીને સેમીફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. જોકે તે પોતાના એક મજબૂત ખેલાડીની ગેરહાજરીમાં સેમીફાઈનલમાં જર્મની સામે હારી ગઈ હતી. પરંતુ કાંસ્ય પદક જીત્યા બાદ હોકી ટીમને ખેલ પ્રેમીઓએ કહ્યું કે આ ઉપલબ્ધિ સોનાથી ઓછી નથી. ઉલ્લેખનીય છે કે ભારતીય હોકી ટીમે ટોક્યો ઓલિમ્પિકમાં પણ કાંસ્ય પદક જીત્યો હતો. પેરિસ ઓલિમ્પિકમાં અંતિમ મુકાબલામાં કપ્તાન હરમનપ્રીત સિંહે કપ્તાની ઈનિંગ ખેલી. તેણે પેનલ્ટી કોર્નરથી ગોલ કરીને પહેલા સ્કોર બરાબર કર્યો અને પછી બીજા ગોલથી પ્રતિપક્ષી ટીમ પર અજય સરસાઈ મેળવી લીધી.

પેરિસ ઓલિમ્પિકના વિભિન્ન મુકાબલામાં સસખ્ત દેખાઈ રહેલી ટીમ જર્મની સાથે સેમીફાઈનલમાં મળેલી હાર બાદ સ્વર્ણિક સફળતાથી વંચિત રહી ગઈ. જોકે ઓલિમ્પિકમાં તેર પદક જીતનારી ભારતીય હોકી ટીમનો ભૂતકાળ શાનદાર રહ્યો છે. ખાસ કરીને હિટલરની ઉપસ્થિતિવાળા બર્લિન ઓલિમ્પિકમાં મેજર ધ્યાનચંદની રમત અને સુવર્ણ પદકની ચર્ચા વારંવાર થાય છે. ઓલિમ્પિકના ઈતિહાસમાં ભારતે આઠ સુવર્ણ, એક રજત અને ચાર કાંસ્ય પદક જીત્યા છે. જોકે ૧૯૮૦ના મોસ્કો ઓલિમ્પિકમાં સુવર્ણ પદક જીત્યા બાદ પછી ટીમ સોનેરી સફળતાથી વંચિત રહી. ત્યારબાદ તો પદકોનો દુકાળ ૪૧ વર્ષ બાદ ટોક્યો ઓલિમ્પિકમાં મળેલ કાંસ્ય પદકથી તૂટ્યો. જોકે ભારતીય પુરુષ હોકી ટીમે ૫૨ વર્ષ બાદ સતત બે ઓલિમ્પિકમાં પદક જીતવાનું ગૌરવ હાંસલ કર્યું છે. હોકી ટીમની સફળતાથી પરંપરાગત ભારતીય ખેલની પ્રતિષ્ઠા ફરીથી સ્થાપિત થઈ. આ ઓલિમ્પિકમાં ઓસ્ટ્રેલિયા અને બ્રિટનને હરાવવા આપણી ટીમની મોટી ઉપલબ્ધિ રહી. એનાથી વિશ્વાસ થાય છે કે ભારત ભૂતકાળની સ્વર્ણિમ ઉપલબ્ધિઓ ભવિષ્યમાં ચોક્કસ દોહરાવશે. ફરી કોઈ ધ્યાનચંદ જેવો દિગ્ગજ ભારતીય ટીમને મળશે. બીજી તરફ પેરિસ ઓલિમ્પિકને પ્રતિદ્વંદ્વી ટીમ વિરુદ્ધ ગોલ પોસ્ટમાં પહાડની જેમ ઊભા રહેનારા સફળ ગોલકીપર પી.આર. શ્રીજેશની વિદાય રૂપે પણ યાદ કરવામાં આવશે. અંતિમ મુકાબલામાં ટીમને જીત અપાવવામાં મોટી ભૂમિકા નિભાવનારા શ્રીજેશે એ જ ઝનૂન અને જુસ્સો દેખાડ્યો, જે કોઈ ખેલાડી પોતાની પહેલી મેચમાં દેખાડે છે. તેણે સ્પેન દ્વારા કરવામાં આવેલ મોટાભાગના હુમલાને નિષ્ફળ બનાવીને ટીમની જીત સુનિશ્ચિત કરી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

પરવશતા એ પણ એક પ્રકારનું નર્ક છે.

- આદિશંકરાચાર્યજી

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. સફર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, શ્રાવણ વદ-૩ બૃહસ્પતિ પૂજન, સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૧૫ ક.), બોળ ચોથ, પંચક તા.૨૨ ઓગષ્ટ ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૧૭, ઉત્તરાભાદ્રપ્રદા નક્ષત્ર, ધૃતિર્મા યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૩૧, સૂ.અ.૭:૧૭

આજનો દિવસ બપોરે ૧:૪૬ ક.થી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પરિવારજનોમાં યશની પ્રાપ્તિ થાય. પ્રસંગોનું આયોજન થાય.
વૃષભ:નવા આયોજનો ન કરવા હિતાવહ. કાર્યો સંભાળીને કરવા.
મિથુન:આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંકીય કાર્યમાં સફળતા મળે.
કર્ક: વાણી સંયમ જાળવવો હિતાવહ. આકસ્મીક ધન વ્યય થાય.
સિંહ: નવિન કાર્યમાં સફળતા મળે. આર્થિક મુંઝવણમાંથી માર્ગ મળે.
કન્યા: નોકરીયાત વર્ગને કાર્યભાર વિશેષ રહે. વ્યર્થ ચિંતા રહે.
તુલા: કાર્યમાં વિલંબથી સફળતા મળે. વ્યર્થ વિવાદ ન કરવો હિતાવહ.
વૃશ્ચિક:કાનુની બાબતે લાભ. આવકમાં વૃધ્ધિ થાય.
ધન: મહત્વના નિર્ણયો લઈ શકશો. દિવસ આનંદ ભર્યો પસાર થાય.
મકર: વ્યાપાર ઉદ્યોગ બાબતે ચિંતા રહે. મિલન-મુલાકાત સફળ થાય.
કુંભ: સંતાનોથી સહકાર મળે. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા
મીન: સ્નેહિજનોથી અસંતોષ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.

### ભગવાન શ્રી કૃષ્ણની 'બેટ દ્વારકા'ની 'વર્લ્ડ ક્લાસ' સ્તરે થશે કાયાપલટ

# બેટ દ્વારકાનો ત્રણ તબક્કામાં કરાશે સુગ્રથિત વિકાસ પ્રથમ તબક્કા માટે રૂા.૧૫૦ કરોડની ફાળવણી

**મુખ્ય મંદિરથી લઈને બીચ સુધીનો વિસ્તાર કરોડોના ખર્ચે વિકસાવાશે : ડોલ્ફિન માટે જાણીતો એકમાત્ર બેટ દ્વારકાનો 'નોર્થ-પદમ બીચ' પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે : આગામી સમયમાં ફેઝ -૨ અને ૩ અંતર્ગત યાત્રીક સુવિધામાં વધારો કરવા વિવીધ કામોનું આયોજન : બેટ દ્વારકામાં 'સુદર્શન સેતુ'ના નિર્માણ બાદ યાત્રાળુઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે**










ગાંધીનગર,તા.૨૨

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તેમજ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વમાં ગુજરાતમાં અનેક ધાર્મિક અને ઐતિહાસિક સ્થળો- ટૂરિસ્ટ ડેસ્ટિનેશનને કરોડોના ખર્ચે પ્રવાસીઓ માટે વિકસાવવામાં આવી રહ્યા છે.

બેટ દ્વારકામાં 'સુદર્શન સેતુ'ના નિર્માણ બાદ યાત્રાળુઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.આ જ રીતે તીર્થ સ્થળ તેમજ આસ્થાની સાથે પૌરાણિક મહાત્મ્ય ધરાવતી પ્રસિદ્ધ ભગવાન શ્રી કૃષ્ણની 'બેટ દ્વારકા'ની વૈશ્વિક સ્તરે કાયાપલટ માટે પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાના સતત માર્ગદર્શનમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ત્રણ તબક્કામાં મંદિર પરિસર, બીચ અને તેની આસપાસના વિસ્તારોને ડેવલપ કરવામાં આવશે. આ આઈલેન્ડના પ્રથમ તબક્કા-ફેઝના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ.૧૫૦ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે,જેની ટેન્ડરિંગની પ્રક્રિયા હાલમાં ચાલી રહી છે.આવનારા સમયમાં આ આઈલેન્ડના ફેઝ -૨ અને ૩ની ડેવલપમેન્ટની કામગીરી ચાલુ કરવામાં આવશે તેમ,ગુજરાત પ્રવાસન નિગમ, ગાંધીનગર દ્વારા જણાવવામાં આવ્યું છે.

પ્રવાસન નિગમની યાદી મુજબ બેટ દ્વારકા ડેવલપમેન્ટ પ્રોજેકટ ફેઝ -૧માં દ્વારકાધીશજી મંદિર ડેવલપમેન્ટ, સ્ટ્રીટ બ્યુટિફિકેશન,હેરિટેજ સ્ટ્રીટ ડેવલપમેન્ટ, શંખનારાયણ મંદિર અને તળાવ ડેવલપમેન્ટ, નોર્થ બીચ ડેવલપમેન્ટ-પબ્લિક બીચ, ટૂરિસ્ટ વિઝિટર સેન્ટર અને હાટ બજાર અને હિલ્લોક પાર્ક વીથ વ્યૂઈંગ ડેક બનાવવામાં આવશે.

ફેઝ -૨ અંતર્ગત થનાર વિકાસ કામો:

સાથેસાથે બેટ દ્વારકા રિડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઝ-૨ માં દાંડી હનુમાન મંદિર અને બીચ ડેવલપમેન્ટ, અભય માતા મંદિર અને સનસેટ પાર્ક,નેચર એન્ડ મરીન ઈન્ટરપ્રેશન સેન્ટર, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર, કમ્યુનિટી લેક ડેવલપમેન્ટ અને રોડ એન્ડ સાઈન બનાવવામાં આવશે.

ફેઝ -૩ અંતર્ગત થનાર વિકાસ કામો

આ પછી બેટ દ્વારકા ડેવલપમેન્ટ પ્રોજેક્ટના ફેઝ -૩ માં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, કમ્યુનિટી લેક ડેવલપમેન્ટ અને લેક અરાઈવલ પ્લાઝા તૈયાર કરવામાં આવશે. બેટ દ્વારકા આવતા યાત્રિકો માટે ભવિષ્યમાં બીચથી મંદિર સુધી શટલ સર્વિસ, ઈવ્હીકલ, ડોલ્ફિન વ્યૂઈંગ માટે ફેરી સર્વિસ, ઓડિયો વિઝુઅલ પ્રદર્શન, સ્કિલ ડેવલપમેન્ટ અને ગાઈડ ટ્રેનિંગ વગરે ડેવલપ કરવામાં આવશે.

બેટ દ્વારકા આઈસલેન્ડ ડેવલપમેન્ટના ફેઝ -૧ના મુખ્ય આકર્ષણો:-

મંદિર પરિસર અને તેની આજુબાજુના પ્રાંગણનો વિકાસ બેટ દ્વારકા ડેવલપમેન્ટના માસ્ટર પ્લાન મુજબ કરાશે. મંદિર પરિસરમાં યાત્રાળુઓ સરળતાથી પ્રવેશી શકે એ માટે ચાર દિશાઓમાં પ્રવેશ દ્વાર બનાવાશે. જેમાં સુદામા સેતુથી બેટ દ્વારકા ગામ તરફ આવતા રસ્તાને, દરિયાઈ માર્ગેથી મુખ્ય પ્રવેશ સુધીનો દ્વાર બનશે.

અહીં યાત્રાળુઓ માટે મંદિર સામગ્રીની ચીજ વસ્તુઓ, ખાણી-પીણીના સ્ટોલ, લોકલ આર્ટ અને ક્રાફ્ટને પ્રમોટ કરતી દુકાનો તથા જીવનજરૂરિયાત વસ્તુઓને લગતી દુકાનો બનાવામાં આવશે.અન્ય સુવિધાઓમાં મોબાઈલ અને પગરખાં મૂકવાની લોકર સુવિધા, પ્રસાદ વિતરણ કેન્દ્ર તથા કોમન ટોઈલેટ્સની સુવિધા ઊભી કરાશે. આ સાથે અત્યાધુનિક ફેસેલિટીવાળી ભોજનશાળા અને સભા, ભજન-કીર્તન કરવા માટે બે મલ્ટીપર્પઝ હોલ પણ બનાવાશે.

સૌથી મહત્ત્વનું કે, મંદિરમાં ભીડ ના થાય એ માટે ભાઈઓ અને બહેનોની દર્શન કરવાની લાઈન અલગ બનાવાશે તથા દિવ્યાંગોને કોઈ અગવડ ના પડે એ રીતે આ માસ્ટર પ્લાન ડિઝાઈન કરાયો છે. મંદિર પરિસરમાં યાત્રાળુઓને માહિતગાર કરતાં સાઈન બોર્ડ, પાણીની પરબ, કચરા પેટી અને બેસવા માટે બેન્ચની વ્યવસ્થા હશે. યાત્રાળુઓની યાત્રા યાદગાર બને તે માટે ભગવાન શ્રીકૃષ્ણના જીવનચરિત્રના ચિત્રો અથવા મૂર્તિનું પ્રદર્શનનું પણ પ્લાનિંગ કરાયું છે.

નોર્થ-પદમ બીચ:

બેટ દ્વારકાનો આ નોર્થ બીચ શિયાળાની ઋતુમાં 'ડોલ્ફિન' નિહાળવા માટે જાણીતો છે. અહીં અનોખો 'પદમ' નામનો શંખ મળે છે જેથી આ બીચને 'પદમ બીચ' પણ કહેવામાં છે. માસ્ટર પ્લાન મુજબ આ બીચ પર પાર્કિંગ, ખાણીપીણીના સ્ટોલ, બાળકો માટે રમત-ગમતના સાધનો, બેસવાની સુવિધા અને ટોઈલેટ જેવી ફેસેલિટી ઊભી કરાશે. આ નોર્થ બીચ પર ટૂરિસ્ટો મનોરંજન અને સૂર્યાસ્તનો નયનરમ્ય નજારો માણી શકશે.

ટૂરિસ્ટ વિઝિટર સેન્ટર

બેટ દ્વારકા ડેવલપમેન્ટ પ્લાન મુજબ અહીં ટૂરિસ્ટ વિઝિટર સેન્ટર હાલમાં સુદામા સેતુથી મંદિર પરિસર જતાં રસ્તામાં બનાવાશે. જેમાં મંદિરની ઐતિહાસિક માહિતી, બેટ દ્વારકામાં થતી વિવિધ પ્રવૃતિઓની માહિતી અપાશે,એટલું જ નહીં અહીં વેઈટિંગ એરિયા, ટોઈલેટ્સ, લોકર સુવિધા, ગુજરાતી ફૂડના ચટાકા માણવા માટે એક રેસ્ટોરાં અને હાટ બજાર બનાવાશે.

હેરિટેજ સ્ટ્રીટ ડેવલપમેન્ટ

માસ્ટર પ્લાનમાં બેટ દ્વારકામાં ઘણા ઐતિહાસિક મંદિરોને જોડતી હેરિટેજ સ્ટ્રીટમાં મુખ્યત્વે દ્વારકાધીશ મંદિર, શંખનારાયણ મંદિર અને હનુમાન દાંડી મંદિરનો સમાવેશ કરાયો છે. આ મંદિરોને જોડતા રસ્તાઓને 'હેરિટેજ' થીમ પર ડેવલપ કરાશે. આ સ્ટ્રીટમાં ભીતચિત્રો, મ્યુરલ, ચબુતરા, લેન્ડસ્કેપિંગ, લાઈટ અને બેસવાની સુવિધાઓ ડેવલપ કરવામાં આવશે.

હિલ્લોક પાર્ક

અહીંથી યાત્રાળુઓ 'સૂર્યોદય અને સૂર્યાસ્ત'નો નયનરમ્ય નજારો જોઈ શકશે માસ્ટર પ્લાન મુજબ આ સ્થળને 'પબ્લિક પાર્ક' તરીકે વિકસાવાશે. અહીંથી સુદામા સેતુનો નયનરમ્ય વ્યૂ જોવા મળશે. આ પાર્કમાં પણ ખાણીપીણીના સ્ટોલ, સ્પેશિયલ લેન્ડસ્કેપ, બોર્ડવોક, વોકવે અને કોમન ટોઈલેટ્સ જેવી સુવિધા ઊભી કરાશે. આમ,રાજ્ય સરકારના પ્રયાસોથી ધાર્મિક અને પ્રવાસનના સુગમ સંયોગ થકી આ વિસ્તારમાં રોજગારીની વિપુલ તકો પણ ઉપલબ્ધ થશે. ઉત્પાદનનો વધુને વધુ પ્રોત્સાહન પણ મળશે તેમ, પ્રવાસન નિગમ દ્વારા જણાવાયું છે.

# અંજારના ગંગાનાકે ભરબજારે યુવાનની હત્યા કરાઈ

## જુગાર રમવાની બાબતે થયેલા ઝધડામા એક યુવાનની હત્યા કરાઈ

કચ્છ,તા.૨૨

કચ્છમાં નજીવી બાબતે બોલાચાલી બાદ હત્યાના બનાવો છેલ્લા ૩ દિવસમાં ચાર સામે આવ્યા છે. પૂર્વ કચ્છના ગાંધીધામમાં જુગાર રમવાની બાબતે થયેલા ઝધડામા એક યુવાનની હત્યા અને તેજ દિવસે ભુજના માધાપરમાં ભાઈના હાથે ભાઈની હત્યાનો મામલો સામે આવ્યો હતો. તો અંજારમાં ગઈકાલે જ એક શ્રમીકની હત્યાનો મામલો સામે આવ્યો હતો જ્યા બીજી તરફ ભુજમાં એરફોર્સ સામે એક યુવકની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી.

જેની તપાસમાં પણ મોબાઈલ માટે યુવકની હત્યા થઈ હોવાનુ સામે આવ્યુ હતુ.આ બનાવોની તપાસ હજુ પુર્ણ થઈ નથી ત્યા ફરી એક હત્યાની ધટના સામે આવી છે. અંજારમાં જાહેરમાં એક વ્યક્તિની હત્યા કરી દેવાઈ હતી સોસીયલ મીડિયામાં ઘટનાનો વિડીયો પણ વાયરલ થયો હતો. જેમાં એક યુવક હાથમાં મોટા છરા સાથે એક વ્યક્તિ પર તુટી પડે છે જેને છોડાવવા માટે એક વ્યક્તિ વચ્ચે પડે છે પરંતુ યુવકનુ ઘટનામાં મોત થઈ જાય છે. બનાવ અંજારના લોહારચોક વિસ્તાર, મુખ્ય બજારમાં બન્યો હતો.

અંજાર પોલીસ મથકમાંથી મળતી વિગતો મુજબ દેવીપુજક સમાજના બે વ્યક્તિઓ વચ્ચે આજે પૈસાની લેતીદેતી મામલે ઝધડો થયા બાદ હત્યાનો બનાવ બન્યો હતો.પ્રાથમીક તપાસમા બન્ને સાથે જ હતા પરંતુ ઝધડો થયા બાદ છરી વડે હત્યાને અંજામ અપાયો હતો. પોલીસે હાલ હત્યા કરનાર આરોપીને રાઉન્ડઅપ કરી લીધો છે.અંજારમાં ગઈકાલે પણ એક શ્રમીકની હત્યાનો બનાવ સામે આવ્યો હતો ત્યારે અંજારમાં સતત બીજા દિવસે હત્યાનો બીજો બનાવ સામે આવ્યો છે.હત્યાનો લાઈવ વિડીયો સોસીયલ મીડિયામાં ભારે વાયરલ થઈ રહ્યો છે.

# PI – PSIની બદલીને લઈને જારી કરાયેલા પરિપત્ર પર DGPની સ્પષ્ટતા સામે આવી

અમદાવાદ,તા.૨૨

PI – PSIની બદલીને લઈને જારી કરાયેલા પરિપત્ર પર DGPની સ્પષ્ટતા સામે આવી છે. થોડા દિવસો પહેલા PI-PSIની બદલીના નામે એક પરિપત્ર વાયરલ થયો હતો. વાયરલ થયેલા પરિપત્રના મામલામાં સ્પષ્ટતા આપતા ઙૅ વિકાસ સહાયે કહ્યું કે, ''આવો કોઈ પરિપત્ર નથી.''

નોંધનીય છે કે થોડા દિવસો પહેલા એક પરિપત્ર વાયરલ થયો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે એક જ ઝોન કે જિલ્લામાં કાર્યરત PI-PSIની તે ઝોન, જિલ્લા કે નજીકના જિલ્લામાં બદલી કરી શકાશે નહીં. જો કે આ વાઈરલ પરિપત્ર બાદ પોલીસ અધિકારીઓમાં છુપો રોષ જોવા મળી રહ્યો છે. પોલીસ વિભાગમાં અનુશાસનહીનતાને જોતા, કેટલાક અધિકારીઓ જાહેરમાં બોલતા અથવા ઉચ્ચ અધિકારીઓને આ બાબતની જાણ કરતા ડરતા હતા.

PI અને PSIની બદલી અંગે એક પત્ર જારી કરવામાં આવ્યો હતો, જેમાં કહેવામાં આવ્યું હતંક કે, "PI અને PSIની બદલીની પ્રક્રિયાને વધુ પારદર્શક બનાવવા અને તમામ અધિકારીઓને રાજ્યના વિવિધ ક્ષેત્રોમાં ફરજ બજાવવાની તક આપવા માટે, તરફથી એક પત્ર એક જ ઝોનમાં ફરજ બજાવતા પીઆઈ અને પીએસઆઈની પડોશી જિલ્લાઓમાં બદલી નહીં કરી શકાય તેવો મહત્વનો નિર્ણય ગૃહ વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે. અને પોલીસ અધિક્ષક, પોલીસ કમિશ્નર, રેન્જના ઈન્ચાર્જ આઈપીએસ અધિકારીઓને અરજી કરશે નહીં.'' વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, ''નવી પોસ્ટિંગ પોલિસીના અમલીકરણ માટે રાજ્યના ૯ રેન્જના આધારે ૩૪ જિલ્લા, ૪ કમિશનરેટને ઝોનમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં એક ઝોનમાં કામ કરતા અધિકારીઓની બદલી કરવાનો નિર્ણય ઑગસ્ટ ૨૦૨૪ થી પૂર્વવર્તી અસર સાથે અન્ય ઝોનમાં લેવામાં આવ્યો છે.

સમગ્ર મામલે સો ટચ સોનાનો સવાલ એ છે કે, જો આ પરિપત્ર કરાયો DGP અને ગૃહવિભાગ દ્વારા કરાયો નથીપ તો કોના દ્વારા પરિપત્ર કરવામાં આવ્યો અને વાયરલ કરાયો શું આ મુદ્દે તપાસ થશે કે કોઈ રાજકીય આગેવાનોના આગ્રહ હતો કે પોતાના વ્હાલા અધિકારીઓ જીલ્લા કે રેંજ બહાર નાં જાય અને એકબીજાનું સચવાયેલું રહે?

# દિલ્હી-મુંબઈ રૂટ ઉપર ૧૬૦ કિ.મી.ની સ્પીડથી ટ્રેનો ચલાવવાની રેલવેની તૈયારી



**દિલ્હી-મુંબઈ વચ્ચે ૫ સેક્શનમાં ચાલવાનું કામ, ટ્રાયલ શરૂ**
હાલમાં રેલવે દિલ્હી અને મુંબઈ વચ્ચે ૫ સેક્શનમાં મિશન રફતાર પ્રોજેક્ટ પર કામ કરી રહી છે. જેમાં દિલ્હીથી મથુરા, મથુરાથી કોટા, કોટાથી નાગદા, નાગદાથી ગોધરા અને ગોધરાથી મુંબઈ સુધીના રેલવે ટ્રેકનો સમાવેશ થાય છે. તેમાંથી મુંબઈ ડિવિઝનના કેટલાક ભાગોમાં ટ્રાયલ રન પણ કરવામાં આવ્યા છે. જો આ રીતે કામ ચાલુ રહેશે તો પણ ૨૦૨૬ સુધી ટ્રેન ૧૬૦ કિમીની ઝડપે દોડી શકશે. અત્રે ઉલ્લેખનીય છે કે પાંચ વર્ષ પહેલા રેલવેએ રાજધાની રૂટ ઉપર સેમી હાઈ સ્પીડ ટ્રેન ચલાવવા માટે મિશન રફતાર પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. હાલમાં ૧૪૭૮ કિલોમીટર લાંબા રૂટ પર લગભગ ૮ હજાર કરોડ રૂપિયાના પ્રોજેક્ટ સાથે સંબંધિત કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. આમાં રતલામ ડિવિઝન સહિત પશ્ચિમ રેલવેના અંદાજે ૭૯૨ કિ.મી.ના રેલવે રૂટનો સમાવેશ થાય છે. મિશન સાથે જોડાયેલા અધિકારીઓના જણાવ્યા અનુસાર, પહેલા ૧૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ કરવામાં આવશે, ત્યારબાદ તબક્કાવાર રીતે ૧૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ટ્રાયલ કરવામાં આવશે.

દાહોદ, તા.૨૨
ભારતીય રેલવેએ દેશના મુખ્ય દિલ્હી-મુંબઈ રૂટ પર ૧૬૦ કિમી/કલાકની ઝડપે ટ્રેન દોડાવવાના મિશનની ઝડપને હવે વેગ આપ્યો છે. જેમાં ખાસ કરીને રતલામ-નાગદા સેક્શનનું કામ પૂર્ણ થવા આવ્યું છે. આવી સ્થિતિમાં હવે રેલવેએ રતલામ-ગોધરા સેક્શન ઉપર ટ્રેનોની ઝડપ વધારવાની દિશામાં ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જેમાં સૌથી મોટું કામ કેબલ એટલે કે **OHE** (ઓવર હેડ ઈક્વિપમેન્ટ)નું મોડિફિકેશન છે. જે ટ્રેનોને વીજળી પહોંચાડવા માટે પાટા ઉપર નાખવામાં આવે છે. આમાં **1x25 KV** ટ્રેક્શન સિસ્ટમને **2x25 KV** ટ્રેક્શન સિસ્ટમમાં રૂપાંતરિત કરવામાં આવશે, જેથી એક વિભાગમાં ચાલતી વિવિધ ટ્રેનોને સમાન પાવર સપ્લાય મળી શકશે.આ કામ માટે ટ્રેકની બંને બાજુએ લગાવવામાં આવેલા ઈલેક્ટ્રીક પોલની સાથે અન્ય સાધનો પણ બદલવામાં આવશે. એકસમાન વીજ પુરવઠા માટે સબ સ્ટેશન પણ બનાવવામાં આવશે. સાથે સાથે રતલામ ડિવિઝનના ટ્રેક્શન એન્ડ ડિસ્ટ્રિબ્યુશન ડિપાર્ટમેન્ટ **(TRD)** એ ટેન્ડર બહાર પાડ્યું છે.જે મુજબ રતલામથી ગોધરા સુધીની લગભગ ૧૮૦ કિલોમીટરની **OHE** સિસ્ટમને વધુ મજબૂત બનાવવામાં આવશે. દિલ્હીથી મુંબઈનીમુસાફરીમાં ૧૩થી ૧૩.૩૦ કલાકનો સમય લાગશે,જે હાલમાં તે ૧૫થી ૧૫.૩૦ કલાકનો સમય લઈ રહ્યો છે. એટલું જ નહીં મુસાફરીના સમયમાં ઘટાડાને કારણે નવા વાહનો ચલાવવામાં સરળતા રહેશે. તેમજ મુસાફરોની સંખ્યામાં વધારો થવાથી મુસાફરો અને અન્ય આવકમાં વધારો થશે.તો બીજી તરફ ગુડ્સ ટ્રેનો પણ વધુ દોડશે, જેનાથી રેલવેની આવકમાં વધારો થશે.

## SC-ST અનામતમાં ક્રીમીલેયરનો વિરોધ

# બિહારમાં ટ્રેન રોકી દેવાઈ રાજસ્થાનના ભરતપુરમાં નેટ બંધ

**SC-ST અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે બુધવારે ૧૪ કલાકના ભારત બંધનું એલાન કરવામાં આવ્યું હતું.**

નવી દિલ્હી, તા.૨૨
**SC-ST** અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટના નિર્ણય સામે બુધવારે **(21** ઓગસ્ટ) **14** કલાકના ભારત બંધનું એલાન કરવામાં આવ્યું હતું નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન **(NACDAOR)**ના નેતૃત્વમાં વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા બંધની સૌથી વધુ અસર બિહારમાં જોવા મળી હતી. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં પ્રદર્શનકારીઓએ રસ્તા ઉપર આવીને સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા. રાજસ્થાનના જયપુરમાં સાવચેતીના પગલારૂપે શાળાઓ અને કોચિંગ સેન્ટરો બંધ કરી દેવામાં આવ્યા હતા. નેશનલ કોન્ફેડરેશન ઓફ દલિત એન્ડ ટ્રાઈબલ ઓર્ગેનાઈઝેશન **(NACDAOR)** એ કોર્ટના સૂચનને દલિતો અને આદિવાસીઓના બંધારણીય અધિકારોની વિરુદ્ધ ગણાવ્યું છે. તેમજ તેને રદ કરવા કેન્દ્ર સરકાર પાસે માંગણી કરી હતી. ઝારખંડ મુક્તિ મોરચા (જેએમએમ), કોંગ્રેસ અને ડાબેરી પક્ષોએ આ દેશવ્યાપી હડતાળને સમર્થન આપ્યું હતું. જેએમએમએ તેના તમામ નેતાઓ, જિલ્લા પ્રમુખો, સચિવો અને જિલ્લા સંયોજકોને આ હડતાળમાં ભાગ લેવા જણાવ્યું હતું. **NACDAOR SC-ST** અનામતમાં ક્રીમી લેયર લાગુ કરવાના સુપ્રીમ કોર્ટની **7** જજની બેન્ચના નિર્ણયના વિરોધમાં છે. સંગઠનનું કહેવું છે કે સુપ્રીમ કોર્ટનો તાજેતરનો નિર્ણય સીમાચિહ્નરૂપ ઈન્દિરા સાહની કેસમાં નવ ન્યાયાધીશોની બેન્ચના અગાઉના નિર્ણયને નબળો પાડે છે, જેણે ભારતમાં અનામત માટે માળખું સ્થાપિત કર્યું હતું. હાલના નિર્ણયથી **SC-ST**ના બંધારણીય અધિકારો ઉપર ખતરો છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે **(1** ઓગસ્ટ) આ સંદર્ભમાં મોટો નિર્ણય સંભળાવ્યો હતો. રાજ્ય સરકારો હવે અનુસૂચિત જાતિ એટલે કે **SC** ને અનામતમાં ક્વોટા આપી શકશે. કોર્ટે પોતાના જ **20** વર્ષ જૂના નિર્ણયને પલટી નાખ્યો હતો. ત્યારે કોર્ટે કહ્યું હતું કે અનુસૂચિત જાતિઓ પોતાનામાં એક જૂથ છે, તેમાં સમાવિષ્ટ જાતિઓના આધારે વધુ વિભાજન કરી શકાય નહીં. કોર્ટે પોતાના નવા નિર્ણયમાં રાજ્યોને જરૂરી સૂચનાઓ પણ આપી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે રાજ્ય સરકારો મનસ્વી રીતે નિર્ણય લઈ શકે નહીં. આ નિર્ણય સુપ્રીમ કોર્ટના **7** જજોની બંધારણીય બેંચનો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે અનુસૂચિત જાતિને તેમાં સમાવિષ્ટ જાતિઓના આધારે વિભાજીત કરવી બંધારણની કલમ **341**ની વિરુદ્ધ નથી. અનુસૂચિત જાતિ-જનજાતિ **(SC-ST)** અનામતમાં ક્રીમી લેયર ઉપર સુપ્રીમ કોર્ટના નિર્ણયના વિરોધમાં ગઈકાલે ભારત બંધનું એલાન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસે પણ રાજસ્થાનમાં બંધને સમર્થન આપ્યું હતું. જિલ્લા કલેક્ટરે રાજ્યના **16** જિલ્લાની શાળાઓમાં રજા જાહેર કરી હતી. **SC-ST** અનામતમાં વર્ગીકરણના નિર્ણય વિરૂદ્ધ ભારત બંધની મધ્યપ્રદેશમાં મિશ્ર અસર જોવા મળી હતી. ગ્વાલિયરની ઘણી સ્કૂલોએ રજા જાહેર કરી હતી. ગ્વાલિયર કલેક્ટરે મંગળવાર રાતથી જ કલમ **144**ના આદેશનો અમલ કર્યો હતો. ભોપાલ, ઈન્દોર અને ઉજ્જૈન સહિત અનેક જિલ્લાઓમાં સ્કૂલો ચાલુ રહી હતી.

# છેલ્લા પાંચ વર્ષમાં અપાયેલી લોનમાંથી ૮૧.૩૦ ટકા લોનની વસૂલાત કરવામાં બેન્કો નિષ્ફળ : ખાસ રિપોર્ટ

નવી દિલ્હી, તા.૨૨
છેલ્લાં પાંચ વર્ષમાં બેંકો રિકવરીનાં અનેક પગલાં વાપરવા છતાં, ૮૧.૩૦ ટકા ધિરાણ વસૂલવામાં નિષ્ફળ રહી છે. ધ ઈન્ડિયન એક્સપ્રેસે અહેવાલ મુજબ, એક **RTI** અરજીમાં જાણવા મળ્યું છે કે, રાઈટ-ઓફમાંથી વસૂલાત ૧,૮૫,૨૪૧ કરોડ રૂપિયા, જે રાઈટ ઓફ લોનના માત્ર ૧૮ ટકા છે. છેલ્લા પાંચ વર્ષમાં બેંકોએ ૯.૯૦ લાખ કરોડ રૂપિયા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા **(RBI)** દ્વારા **RTI** અરજી હેઠળ આપવામાં આવેલ ડેટા દર્શાવે છે. રાઈટ ઓફ અન્યથા ભારતની અંદાજિત કુલ રાજકોષીય ખાધના ૫૯ ટકાને દૂર કરવા માટે પૂરતું હતું જે ૨૦૨૩-૨૦૨૪ માટે ૧૬.૫૩ લાખ કરોડ રૂપિયા હતી. ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, રાઈટ ઓફને કારણે શિડ્યુલ્ડ કોમર્શિયલ બેંકોના ગ્રોસ નોન-પર્ફોર્મિંગ એસેટ રેશન **(GNPA)** માર્ચ ૨૦૨૪માં એડવાન્સિસના ૨.૮ ટકાના ઐતિહાસિક ૧૨-વર્ષના નીચા સ્તરે આવી ગયું છે. રાઈટ ઓફ કવાયતમાં જાહેર ક્ષેત્રની બેંકોનો મહત્તમ હિસ્સો ૬૩ ટકા હતો. મોટી રકમની લોન રાઈટ ઓફ કરવામાં આવી હોવા છતાં, **RBI**એ અત્યાર સુધી એવા ટોચના ઋણધારકોના નામ જાહેર કર્યા નથી જેમની લોન બેંકો દ્વારા રાઈટ ઓફ કરવામાં આવી હતી. જ્યારે મૂળ રકમના વ્યાજની ચુકવણી ૯૦ દિવસ સુધી બાકી રહે છે ત્યારે લોન **NPA** સ્થિતિ પ્રાપ્ત કરે છે.

## ‘તેઓ પુતિનને નમન કર્યા છે...’

# રાષ્ટ્રપતિ બિડેને ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં ટ્રમ્પ ઉપર આકરા પ્રહારો કર્યા

**ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ બિડેન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી**



નવી દિલ્હી, તા.૨૨
અમેરિકી રાષ્ટ્રપતિની ચૂંટણીને હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે. દેશની બંને મુખ્ય પાર્ટીઓ ડેમોક્રેટિક અને રિપબ્લિકનના રાષ્ટ્રપતિ પદના ઉમેદવારો કમલા હેરિસ અને ડોનાલ્ડ ટ્રમ્પ ચૂંટણી માટે આક્રમક પ્રચાર કરી રહ્યા છે. દરમિયાન, શિકાગોમાં આયોજિત ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ જો બિડેને ટ્રમ્પ ઉપર ઉગ્ર નિશાન સાધ્યું હતું.બિડેને કહ્યું કે પરિવાર જ બધું છે. હું તમને પ્રેમ કરું છું. અમેરિકા, હું તને ખૂબ પ્રેમ કરું છું. હું તમને પૂછવા માંગુ છું, શું તમે લોકો સ્વતંત્રતા, લોકશાહી અને અમેરિકા માટે મત આપવા તૈયાર છો? શું તમે કમલા હેરિસ અને ટિમ વોલ્ઝને મત આપવા તૈયાર છો?તેમણે કહ્યું કે અમેરિકામાં રાજકીય હિંસા માટે કોઈ સ્થાન નથી. જીત્યા પછી તમે એમ ન કહી શકો કે તમે આ દેશને પ્રેમ કરો છો.તેમણે કહ્યું કે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકા વિશે વાત કરે છે કે અમેરિકા એક વિઘટનશીલ દેશ છે, તો પછી તે વિશ્વને શું સંદેશ આપે છે તેના વિશે વિચારો. તે કહે છે કે અમે હારી રહ્યા છીએ, વાસ્તવમાં તે (ટ્રમ્પ) હારેલા છે. વિશ્વના એક એવા દેશનું નામ જણાવો જે એવું ન વિચારે કે આપણે વિશ્વમાં મોખરે છીએ? અમેરિકા જીતી રહ્યું છે. અમેરિકા હવે ડોનાલ્ડ ટ્રમ્પના અગાઉના કાર્યકાળ કરતાં વધુ સમૃદ્ધ અને સુરક્ષિત છે. ટ્રમ્પ અમેરિકામાં ગુના અંગે સતત જુઠ્ઠુ બોલે છે.તેમણે (ટ્રમ્પ) દેશના સૈનિકોને હારેલા કહ્યા છે. તેને લાગે છે કે તે કોણ છે? તેઓ પુતિન સમક્ષ નતમસ્તક થયા છે. કમલા હેરિસ અને હું આવું ક્યારેય કરતા નથી.ડેમોક્રેટિક પાર્ટીના પ્રમુખપદના ઉમેદવાર અને વર્તમાન ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ બિડેનનો આભાર વ્યક્ત કર્યો હતો. હેરિસે કહ્યું, તમારા (બિડેન) ઐતિહાસિક નેતૃત્વ અને દેશની સેવા માટે આભાર. અમે તમારા આભારી છીએ. ચાલો આપણે એવા આદર્શો માટે લડીએ જેને આપણે વળગી રહ્યા છીએ. જ્યારે પણ આપણે લડીએ છીએ ત્યારે જીતીએ છીએ.રાષ્ટ્રપતિ બિડેને કહ્યું કે તેમણે દેશની સેવા કરવા માટે પોતાનું સર્વશ્રેષ્ઠ આપ્યું છે અને ભવિષ્ય વિશે પણ આશાવાદી છે. તેણે કહ્યું કે મેં મારી કારકિર્દીમાં ઘણી ભૂલો કરી છે પરંતુ મેં ૫૦ વર્ષ સુધી મારું સર્વશ્રેષ્ઠ આપ્યું છે. મેં આ દેશની મારા તન-મનથી સેવા કરી છે અને તેના બદલામાં મને અમેરિકન લોકો તરફથી પુષ્કળ સમર્થન મળ્યું છે.બિડેને કહ્યું કે અમે ગાઝા યુદ્ધને સમાપ્ત કરવા માટે ચોવીસ કલાક કામ કરી રહ્યા છીએ. ગાઝામાં દરેક કિંમતે યુદ્ધવિરામ થવો જોઈએ. તેમના સંબોધન દરમિયાન ભીડ ‘વી લવ યુ જો’ ના નારા લગાવતી રહી.તમને જણાવી દઈએ કે ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનના પહેલા દિવસની થીમ ‘લોકો માટે’ છે. પૂર્વ રાષ્ટ્રપતિ ઓબામા પણ સંમેલનને સંબોધશે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન અને ભૂતપૂર્વ સ્પીકર નેન્સી પેલોસી પણ ‘એ ફાઈટ ફોર ફ્રીડમ’ થીમ હેઠળ બુધવારે પાર્ટીના સંમેલનને સંબોધિત કરશે. આ ઉપરાંત ડગ એમહોફ, સેનેટર ચક શૂમર, હાઉસ માઈનોરિટી હકીમ જેફ્રીઝ પણ સંમેલનને સંબોધશે.

## ઉદ્ધવ ઠાકરેએ ગુડવિલ ડે ઉપર કહ્યું

# ‘જ્યારે બાળ ઠાકરેએ રાજીવ ગાંધીની કેન્દ્રીય એજન્સીઓની ટીકા કરી હતી...’

**ભાજપથી અલગ થયા બાદ ૨૦૧૯માં કોંગ્રેસ સાથે હાથ મિલાવનાર ઉદ્ધવ ઠાકરેએ પ્રથમ વખત કોંગ્રેસના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો**

મુંબઈ, તા.૨૨
ભારતીય જનતા પાર્ટીથી અલગ થયા બાદ **2019**માં કોંગ્રેસ સાથે હાથ મિલાવનાર ઉદ્ધવ ઠાકરેએ પ્રથમ વખત કોંગ્રેસના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. **NCP (SP)**ના વડા શરદ પવાર અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા, ઠાકરેએ કહ્યું કે **1984**માં **400** થી વધુ બેઠકોની વિશાળ બહુમતી હોવા છતાં, તેમણે પંચાયતી રાજને મજબૂત કરવા અને સત્તાના વિકેન્દ્રીકરણ માટે કાયદો બનાવ્યો. શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ મંગળવારે કહ્યું હતું કે અવિભાજિત શિવસેના અને કોંગ્રેસ ભૂતકાળમાં કટ્ટર હરીફ હતા, પરંતુ તેઓએ ક્યારેય એકબીજા પ્રત્યે વેરની ભાવનાથી કામ કર્યું નથી. સ્વર્ગસ્થ રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે આયોજિત ‘સદભાવના દિવસ’ કાર્યક્રમમાં બોલતા, તેમણે એમ પણ કહ્યું કે પાર્ટીના સ્થાપક બાળ ઠાકરેએ તેમના ભાષણોમાં તત્કાલીન વડા પ્રધાનની ટીકા કરી હોવા છતાં, કેન્દ્રીય એજન્સીઓએ ક્યારેય શિવસેનાના નેતાઓને હેરાન કર્યા નથી.ભારતીય જનતા પાર્ટીથી અલગ થયા બાદ **2019**માં કોંગ્રેસ સાથે હાથ મિલાવનાર ઉદ્ધવ ઠાકરેએ પ્રથમ વખત કોંગ્રેસના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. **NCP (SP)**ના વડા શરદ પવાર અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. રાજીવ ગાંધીને શ્રદ્ધાંજલિ આપતા, ઠાકરેએ કહ્યું કે **1984**માં **400** થી વધુ બેઠકોની વિશાળ બહુમતી હોવા છતાં, તેમણે પંચાયતી રાજને મજબૂત કરવા અને સત્તાના વિકેન્દ્રીકરણ માટે કાયદો બનાવ્યો.પીટીઆઈ અનુસાર, ઠાકરેએ કહ્યું, “શિવસેના અને કોંગ્રેસ કટ્ટર હરીફ હતા, પરંતુ તેઓએ ક્યારેય એકબીજા પ્રત્યે વેરની ભાવનાથી કામ કર્યું નથી.” ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર કટાક્ષ કરતા તેમણે કહ્યું કે, “શિવસેનાના વડા બાળ ઠાકરેએ રાજીવ ગાંધી (જ્યારે ગાંધી વડાપ્રધાન હતા)ની આકરી ટીકા કરી હતી, પરંતુ મને યાદ નથી કે સીબીઆઈ, ઈડી કે ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટે ક્યારેય તેમને ખટખટાવ્યા હોય. શિવસેનાના નેતાઓના દરવાજા.” હા, રાજીવ ગાંધી પડકારોનો સામનો કરવામાં ક્યારેય ડર્યા નથી અને હિંમતભેર તેનો સામનો કર્યો છે.”તેમણે પંજાબ અને ઉત્તર-પૂર્વ ભારતમાં ઉગ્રવાદનો સામનો કરવા માટે ભૂતપૂર્વ વડા પ્રધાન દ્વારા લેવામાં આવેલા પગલાંનો ઉલ્લેખ કર્યો. એનડીએ સરકાર પર વધુ કટાક્ષ કરતા તેમણે કહ્યું, “પરંતુ (હવે વલણ એ છે કે) મણિપુર અને કાશ્મીરને સળગવા દો.” ઠાકરેએ ભાજપ ઉપર “પાવર-જેહાદ”નો આશરો લેવાનો પણ આરોપ લગાવ્યો.તેમણે કહ્યું કે વિપક્ષ સામાન્ય ચૂંટણીમાં લોકસભામાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનની તાકાત ઘટાડવામાં સફળ થયો, પરંતુ મહારાષ્ટ્રમાં આગામી વિધાનસભાની ચૂંટણીમાં શાસક ગઠબંધનને નિર્ણાયક રીતે પરાજિત કરવું પડશે. ઠાકરેએ કહ્યું કે ભાજપે તેમના પર કોંગ્રેસ સાથે જોડાણ કરવા માટે હિન્દુત્વનો ત્યાગ કરવાનો આરોપ લગાવ્યો, પરંતુ ભગવા પાર્ટીએ જેડી(યુ)ના વડા નીતીશ કુમાર અને આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન ચંદ્રબાબુ નાયડુ (જેની અલગ વિચારધારા છે) સાથે હાથ મિલાવ્યા છે.

## શાંતિ સમજૂતી ઉપર કરશે ચર્ચા

# શું ગાઝામાં યુધ્ધ વિરામ થશે? અમેરિકી વિદેશ મંત્રી બ્લિંકન પહોંચ્યા કતાર

**ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ગાઝામાં શહીદ સૈનિકોના જમણેરી જૂથો અને બંધકોના પરિવારોને મળ્યા હતા**



ગાઝા, તા.૨૨
ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ માટેના રાજદ્વારી પ્રયાસોના આગામી તબક્કામાં અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન મંગળવારેબ કતારની રાજધાની દોહા પહોંચ્યા. હકીકતમાં, બ્લિંકન ઈઝરાયેલ અને હમાસ વચ્ચે વિવાદનું મુખ્ય ક્ષેત્ર છે. બ્લિંકેન અગાઉ ઈજિપ્તમાં રાષ્ટ્રપતિ અબ્દેલ-ફતાહ અલ-સીસી સાથે મળ્યા હતા, જેમનો દેશ મહિનાઓથી યુએસ અને કતાર સાથે ગાઝા વાટાઘાટોમાં મધ્યસ્થી કરવામાં મદદ કરી રહ્યો છે.બ્લિંકનની આ પ્રદેશની મુલાકાતમાં સોમવારે ઈઝરાયેલમાં બેઠકોનો પણ સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગયા અઠવાડિયે કોઈ સફળતા વિના મંત્રણા અટકી ગયા પછી બંને પક્ષો વચ્ચેના અંતરને ઘટાડવાના હેતુથી યુએસ “બ્રિજ ઓફર” સ્વીકારી છે અને હમાસે પણ તેને સ્વીકારવાની વિનંતી કરી છે.બિડેન વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીએ બ્લિંકન સાથે મુસાફરી કરી રહેલા પત્રકારોને જણાવ્યું હતું કે યુ.એસ. અપેક્ષા રાખે છે કે આ અઠવાડિયે યુદ્ધવિરામ વાટાઘાટો ચાલુ રહેશે.વાસ્તવમાં, આતંકવાદી હમાસ જૂથે તેને રજૂ કરેલા નવીનતમ દરખાસ્તને તેણે સંમત થયા હતા તેના કરતાં “વિપરીત” તરીકે વર્ણવ્યું હતું, અને એક નિવેદનમાં યુએસ ઉપર ઈઝરાયેલની નવી શરતો સ્વીકારવાનો આરોપ મૂક્યો હતો. આ અંગે કોઈ તાત્કાલિક અમેરિકન પ્રતિક્રિયા નહોતી.દરમિયાન, ઈઝરાયેલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ ગાઝામાં શહીદ સૈનિકોના જમણેરી જૂથો અને બંધકોના પરિવારોને મળ્યા હતા. યુદ્ધવિરામ કરારનો વિરોધ કરતા જૂથોએ કહ્યું કે નેતન્યાહુએ તેમને કહ્યું કે ઈઝરાયેલ ગાઝામાં બે વ્યૂહાત્મક કોરિડોર છોડશે નહીં, જેનું ઈઝરાયેલ ઉપરનું નિયંત્રણ વાટાઘાટોમાં અવરોધરૂપ છે. નેતન્યાહૂની ઓફિસે તેમના નિવેદન પર કોઈ ટિપ્પણી કરી નથી.

# ડ્રોન દ્વારા અતિક્રમણ શોધવાની યોજનામાં વિલંબ ઉપર કાર્યવાહી

નવી દિલ્હી, તા.૨૨
દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ જમીનના રેકોર્ડનું સંચાલન કરવા, અતિક્રમણ શોધવા અને સમગ્ર દિલ્હીમાં અનધિકૃત બાંધકામોને ઓળખવા માટે રચાયેલ ડ્રોન સર્વેક્ષણ શરૂ કરવામાં વિલંબને લઈને પગલાં લેવાનું શરૂ કર્યું છે. વાસ્તવમાં, આ વર્ષે **6** જૂન, **2** ઓગસ્ટ અને **16** ઓગસ્ટના રોજ યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકો છતાં, પ્રોજેક્ટ, જે એક અઠવાડિયામાં ફાઈનલ થવાનો હતો, તેમાં કોઈ પ્રગતિ થઈ નથી. હવે આ અંગે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરના મુખ્ય સચિવે દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરિટી **(DDA)**ના વાઈસ ચેરમેનને સંબોધીને એક પત્ર લખ્યો છે. તેમાં કહેવામાં આવ્યું છે કે લેફ્ટનન્ટ ગવર્નરે લેન્ડ મેનેજમેન્ટ કમિશનર વિકાસ સિંહને તેમના પેરેન્ટ કેડરમાં પાછા મોકલવાની ભલામણ કરી છે. પ્રક્રિયાને હેન્ડલ કરવામાં સિંઘના અભિગમને બેદરકાર તરીકે વર્ણવવામાં આવ્યો છે, અને લેફ્ટનન્ટ ગવર્નરની કચેરીએ આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટને આગળ વધારવામાં તેમના ભાગ પર ગંભીરતા અને ખંતનો અભાવ નોંધ્યો છે.તમને જણાવી દઈએ કે, **2019**માં દિલ્હીની જમીનોને લઈને એક મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ **(MOU)** ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેમાં **DDA**, મ્યુનિસિપલ કૉર્પોરેશન ઑફ દિલ્હી **(MCD)** અને સર્વે ઑફ ઈન્ડિયા **(SOI)**નો ભાગીદાર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. પરંતુ એમઓયુ ઉપર હસ્તાક્ષર કર્યાના લગભગ **5** વર્ષ પછી પણ ડ્રોન સર્વે શરૂ થઈ શક્યો નથી અને અધિકારીઓ આ પ્રોજેક્ટમાં સતત અવરોધો ઉભા કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ મડાગાંઠને કારણે રાજધાનીમાં જમીન વ્યવસ્થાપન કામમાં અવરોધ ઊભો થયો અને ત્યારે જ લેફ્ટનન્ટ ગવર્નરે તેની નોંધ લીધી છે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીનો પ્રેરણા, પ્રવાસ અને ખેડૂત તાલીમ કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ તા. ૨૨

સોલીડારીડાડ સંસ્થા જામનગર દ્વારા જામનગર જિલ્લાના લાલપુર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના ૨૭ જેટલા ગામોમાં ખેતી અને ખેડૂતોના વિકાસ માટે કાર્યરત છે. જેમાં નાયરા એનર્જીના સી.એસ.આર. વિભાગના સહયોગથી ચાલતા ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત પુર્નઃજીવિત ખેતી બાબતે કાર્યો કરી રહ્યું છે. ગ્રામ સમૃદ્ધિ કાર્યક્રમ અંતર્ગત ૨૭ ગામોમાંથી પ્રગતિશીલ અને જાગૃત એવા ૩૦ જેટલા ખેડૂતોની પસંદગી કરી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો પ્રવાસ કરવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં બે દિવસ ખેડૂતોને તાલીમ આપવામાં આવેલ હતી. જેમાં કાર્યક્રમની શરૂઆત કરતા ડો.એચ.સી. છોડવાડીયા દ્વારા સ્વાગત અને તાલીમમાં આવેલ સોલીડારીડાડ સંસ્થાની ટીમ અને હાજર તાલીમાર્થીઓનું શાબ્દિક સ્વાગત અને અભિવાદન કરવામાં આવ્યું હતું.

પ્રથમ સત્રમાં ડો.બી.વી. પટોળીયા દ્વારા યુનિવર્સિટીમાં ચાલતા ખેતીલક્ષી વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓ બાબતે માહિતી આપતા પ્રાકૃતિક ખેતી બાબતે માહિતી આપી હતી. બીજા સત્રમાં ડો. ડી.એમ. જેઠવા દ્વારા કપાસ અને મગફળી પાકોમાં આવતી જીવાતોની ઓળખ અને જીવનચક્ર, અને તેના નિયંત્રણનાં પગલા બાબતે માહિતી આપી હતી.

બીજા દિવસના પહેલા સત્રમાં ડો. કે.કે. કણજારિયા દ્વારા મગફળી અને કપાસ પાકમાં આવતા રોગ અને જીવાતની ઓળખ તેનું જીવનચક્ર અને એના જૈવિક નિયંત્રણ બાબતે માહિતી આપી હતી. બીજા સત્રમાં ડો. એ.એસ. જાડેજા દ્વારા કપાસ અને મગફળી પાકમાં વિકાસ અને ઉત્પાદન વધારવા જરૂરી પોષક તત્વો અને તેના કાર્યો બાબતે માહિતી આપી હતી.

ત્રીજા સત્રમાં શ્રી ધાનાણી દ્વારા કૃષિ યુનિવર્સિટીની ઓનલાઈન યોજનાઓ તેની એપ્લિકેશન અને વેબસાઈટ તેમજ માસિક પત્રો અને કૃષિ મેગેઝિન તથા કૃષિલેખ બાબતે માહિતી આપી હતી.

ચોથા સત્રમાં ડો.કે.એમ. કારેથા દ્વારા કપાસ અને મગફળી પાકોમાં મૂલ્યવર્ધન અને વધુ આવક મેળવવાના સ્ત્રોત બાબતે માહિતી આપી હતી. છેલ્લા સત્રમાં તાલીમમાં હાજર ખેડૂતોને યુનિવર્સિટીનો પ્રવાસ કરાવવામાં આવેલ, જેમાં ખેતીલક્ષી ઈનોવેશન ડેમો પ્લોટ, સંગ્રહાલય, મ્યુઝિયમ, પશુપાલન શેડ, પશુ દવાખાનું તેમજ જૈવિક ઈનપુટ ઉત્પાદન વિભાગ અને કૃષિ દર્શનાલયની મુલાકાત કરી હતી.

કાર્યક્રમને પૂર્ણતા તરફ લઈ જતા ડો. તુષાર વાઘેલા અને ડો.જે.એન.નારિયા દ્વારા આભાર વિધિ કરવા સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર ડો. વી.પી.ચોવટિયા અને વિસ્તરણ શિક્ષણ નિયામક શ્રી ડો. એન. બી. જાદવ, સોલીડારીડાડ સંસ્થાના આસિસ્ટન પ્રોજેકટ મેનેજર રાજકુમાર, વ્રજલાલ રાજગોર, ઉદય જાદવ, એકતા ચોથાણી અને સોયબઅલી ઘુઘા દ્વારા ખૂબ જહેમત ઉઠાવેલ હતી.

# સારી ગુણવત્તાના ખાતર, બિયારણ અને દવાથી ઉત્પાદન ખર્ચ ઘટે છે

## ભેસાણના માંડવામાં ખેડૂત શિબિરનું આયોજન, મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા



(રેનીશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૨૨

ભેસાણ તાલુકાના માંડવા ગામે આજે સોરઠ ખેત ઉત્પાદક સહકારી મંડળી દ્વારા ખેડૂત શિબિર તેમજ સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા.

સોરઠ ખેત ઉત્પાદક સહકારી મંડળીના ચેરમેન અને તાલુકાના પ્રખર સહકારી આગેવાન વજુભાઈ મોવલીયાના વડપણ હેઠળ ગઈકાલે માંડવા ગામે યોજાયેલ ખેડૂત શિબિર અને સાધારણ સભામાં ઉપસ્થિત નાફેડના અધિકારી મયુરભાઈ કાછડીયા અને ઈફકોના અધિકારી યશભાઈ ગજેરાએ ટેકાની ખરીદી વિષે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ એફપીઓમાં જોડાવવાથી થતાં ફાયદા બાબતે જણાવ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે સારી ગુણવત્તાના ખાતર, દવા અને બિયારણથી ઉત્પાદનમાં વધારો થાય અને ખર્ચમાં ઘટાડો થાય છે. આ તકે મોટી સંખ્યામાં તાલુકાભરના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ચેરમેન વજુભાઈ મોવલીયાએ જણાવ્યું હતું કે ખેડૂતોના હિત માટે હંમેશા અમારી સંસ્થા કાર્યરત રહેશે અને ખેડૂતોને પડતી મુશ્કેલી દુર કરવા તત્પર રહીશું.

# દ્વારકા નજીકના બરડિયા ચંદ્રભાગા ગોલાઈ પાસે કારનો ગમખ્વાર અકસ્માત

## પૂરઝડપે આવી રહેલી કારે પાંચ ગૌવંશને હડફેટે લેતા તમામના મોત





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨૨

દ્વારકા પાસેના બરડિયા-ચંદ્રભાગા ગોલાઈ પાસે આજરોજ એક કારનો ગમખ્વાર અકસ્માત સર્જાતા આ માર્ગ પર બેઠેલા પાંચ ગૌવંશને હડફેટે લેતા તમામ પાંચ ગૌવંશના મોત નિપજ્યા હતા.

આ કરૂણ બનાવની વિગત મુજબ દ્વારકા-ખંભાળિયા હાઈ-વે પર દ્વારકાથી આશરે સાત કીલો મીટર દુર ચંદ્રભાગાની ગોલાઈ પાસેના માર્ગ પર પાંચ જેટલા ગાય - બળદ (ગૌવંશ) બેઠેલા હોય, ત્યાંથી પસાર થતી એક કારના ચાલકને બેઠેલા આ ગૌવંશ ધ્યાને આવ્યા ન હતા. જેથી આ કાર ગૌવંશ સાથે ધડાકાભેર અથડાઈને રસ્તાની બાજુમાં આવેલા પાણીના ખાડામાં ડુબી ગઈ હતી.

આ મોટરકારમાં સવાર તમામ લોકોનો સદનસીબે આબાદ બચાવ થયો હતો. મોટરની અંદર બેઠેલા મુસાફરોને સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવાયા હતા. આ અકસ્માત એટલો તે ગંભીર હતો કે માર્ગ પર બેઠેલા પાંચેય ગૌવંશનું મૃત્યુ થયું હતું. ગૌવંશના મૃતદેહોને સુરભી ગૌશાળા ખાતે લઈ જવાયા હતા, અને ત્યાં પાંચેય ગૌવંશની અંતિમવિધિ ગૌ-ભક્તો દ્વારા કરવામાં આવી હતી. પૂર ઝડપે આવી રહેલ આ ક્રેટા કારે પાંચ ગૌવંશને મોત ઘાટ ઉતારી દેતાં ગૌસેવકોમાં દુઃખની લાગણી જોવા મળી હતી.

# વેલનાથબાપુના સમાધિ સ્થાનને ગિરનાર પર્વત પ્રોજેકટમાં સમાવી વિકાસ કરવા રજુઆત

## મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પ્રવાસન મંત્રીને પત્ર પાઠવ્યો

જૂનાગઢ તા. ૨૨

ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાને લેખિત પત્ર પાઠવી કોળી સમાજના પ્રશ્નોના નિરાકરણ અંગે લેખીત ભલામણ અને વિનંતી કરી છે.

કુંવરજીભાઈ બાવળીયાએ પત્રમાં જણાવેલ છે કે, સમસ્ત કોળી સમાજ, અમરેલી જીલ્લાના આગેવાનોએ મને રૂબરૂ મળી કરેલ રજુઆતો જેમાં ચુંવાળીયા કોળી ઠાકોરના ધર્મગુરૂ સંત શિરોમણી વેલનાથબાપુના સમાધિ સ્થાન ગિરનાર પર્વત જૂનાગઢ ખાતે દર્શનાર્થે જવા મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવતા હોય ત્યાં જવા પાકા પગથીયા, લાઈટ, પાણી તથા યાત્રાળુઓને રોકાણ માટેની સુવિધા આપવા માંગણી થયેલ છે જેને ધ્યાને લઈ મોટું ધાર્મિક સ્થાન હોય સરકારશ્રીના પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેઠળ સમાવી ગિરનાર પર્વત પ્રોજેકટમાં સમાવી વિકાસના કામો કરવા ભલામણ સાથે વિનંતી કરી છે.

# કલકત્તાના મહિલા ડોક્ટર પર અત્યાચાર તેમજ હત્યાના વિરોધમાં ખંભાળિયાના તબીબો, નગરજનો દ્વારા કેન્ડલ માર્ચ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા. ૨૨

કલકત્તામાં થોડા દિવસો પૂર્વે એક પોસ્ટ ગ્રેજ્યુએટ રેસીડેન્ટ ડોક્ટરની શંકાસ્પદ ગેંગરેપ તેમજ હત્યા થવાનો જઘન્ય બનાવ પ્રકાશમાં આવ્યો છે. હૃદયદ્રાવક એવા આ બનાવના ખંભાળિયા સાથે સમગ્ર દેવભૂમિ દ્વારકા અને ભારતભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડી રહ્યા છે.

આને અનુલક્ષીને ગઈકાલે મંગળવારે રાત્રે ખંભાળિયાના ડોક્ટર એસોસિએશન તેમજ નર્સિંગ સ્ટાફ અને બહેનો દ્વારા ખંભાળિયામાં કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખંભાળિયા મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડોક્ટર નિરવ રાયમગીયાના વડપણ હેઠળ અહીંના જોધપુર ગેઈટથી નગર ગેઈટ સુધી કેન્ડલ માર્ચ યોજવામાં આવી હતી.

આ કેન્ડલ માર્ચમાં અહીંના સિનિયર ડોક્ટરો ડો. ઓ.પી. શાંખલા, ડો. હમીર કાંબરીયા, ડો.સાગર ભૂત, ડો.એચ.એન. પડિયા, ડો.આર.એન. વારોતરીયા વિગેરે સાથે લાયન્સ કલબ સહિતની સંસ્થાઓના ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. અને બેનરો તેમજ સૂત્રોચ્ચાર મારફતે આરોપીઓ સામે કડક હાથે કાર્યવાહી કરી, દાખલારૂપ સજા અપાવવા માટેની માંગ કરવામાં આવી હતી.

# પાકિસ્તાન સરકારે સંસદમાં ઉંદરોથી પીછો છોડાવવા બિલાડીઓની ભરતી કરી

પાકિસ્તાન,તા.૨૨

પાકિસ્તાન સરકારે ઉંદરોનો સામનો કરવા માટે દેશની સંસદમાં બિલાડીઓને તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાનની સંસદમાં ઉંદરોની સંખ્યામાં ધરખમ વધારો થયો છે, જેના કારણે ઉંદરોએ મહત્વની ફાઈલો કોતરી નાખી છે. પાકિસ્તાન સરકારે ઉંદરો હેરાનગતીનો નિવેડો લાવવા એક મોટો નિર્ણય કર્યો છે. જેની માટે ૧૨ લાખ પાકિસ્તાની રૂપિયાનું બજેટ ફાળવવામાં આવ્યું છે. આ પૈસાથી શિકારી બિલાડીઓ ખરીદવામાં આવશે જે ઉંદરોનો નાશ કરશે.

પાકિસ્તાનમાં આર્થિક સંકટ વચ્ચે, સરકારે દેશની સંસદમાં ઉંદરોનો સામનો કરવા માટે શિકારી બિલાડીઓ તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. પાકિસ્તાનની કેપિટલ ડેવલપમેન્ટ ઓથોરિટી (CDA)એ આ માટે ૧૨ લાખ પાકિસ્તાની રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. વાસ્તવમાં સંસદમાં ઉંદરોની સંખ્યા સતત વધી રહી છે. તેઓએ સેનેટ અને નેશનલ એસેમ્બલીના વિભાગોમાં ઘણી મહત્વપૂર્ણ ફાઈલોનો નાશ કર્યો છે. તેઓ તેમના વાયર કાપીને કમ્પ્યુટરને નુકસાન પહોંચાડી રહ્યા છે. સંસદ ભવનમાં ઉંદરોની સંખ્યા ઝડપથી વધી રહી છે. ઉંદરોની આ સમસ્યા નવી નથી પરંતુ હાલના સમયમાં તે વધુ ગંભીર બની છે. ઉંદરો માત્ર દસ્તાવેજો જ નહીં પણ કોમ્પ્યુટરના વાયરને પણ નુકસાન પહોંચાડી રહ્યા છે. આ ઉપરાંત ઉંદરોના કારણે સંસદમાં ગંદકી અને બીમારીઓનો ખતરો પણ વધી ગયો છે. પાકિસ્તાનની સંસદમાં ઉંદરો અને બિલાડીઓના આ સમાચાર સાંભળીને અજીબ લાગી શકે છે, પરંતુ અહીંના સાંસદો અને કર્મચારીઓ આ સમસ્યાથી એટલા પરેશાન છે કે તેઓ કંઈપણ વિચારી શકતા નથી.

સંસદમાં ઉંદરોને પકડવા માટે બિલાડીઓ ખરીદવામાં આવશે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે. એવું માનવામાં આવે છે કે બિલાડીઓ ઉંદરોને મારવા અને ભગાડવામાં મદદરૂપ સાબિત થશે. પાકિસ્તાનની કેપિટલ ડેવલપમેન્ટ ઓથોરિટી (CDA) એ આ માટે ૧૨ લાખ પાકિસ્તાની રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. હવે તે જોવાનું રસપ્રદ રહેશે કે આ ઉપાય કેટલો સફળ થાય છે અને તે ખરેખર ઉંદરોથી છુટકારો મેળવે છે કે નહીં.

# ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના પ્રતિનિધિ મંડળે મહિલા બાળ વિકાસ મંત્રીની મુલાકાત લઈ રજુઆત કરી



જૂનાગઢ તા. ૨૨

ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠનના પ્રતિનિધિ મંડળે મહિલા બાળ વિકાસ મંત્રી સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાતમાં આંગણવાડી કર્મચારી સંગઠનના મહામંત્રી કૈલાસ રોહીત, ઉપપ્રમુખ નસીમબેન મકરાણી, રંજનબેન સંઘાણી, સંગીતા દવે, કૈલાસ દેગામા, રેખાબેન પાટીલ, સુરેખાબેન પાટીલ અને રૂપાબેન જોશી હાજર રહયા હતા. મંત્રીશ્રીને પોતાના પ્રશ્નોની રજુઆત કરી હતી. જે અંગે ટુંક સમયમાં સંગઠન સાથે બેઠક યોજવા જણાવેલ હતું.

# દ્વારકાધીશ જગત મંદિર પર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો ડ્રો સંપન્ન



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨૨

દ્વારકાધીશ જગત મંદિર પર આરોહણ થતી તત્કાલ ધ્વજાજી માટેનો સપ્ટેમ્બર માસ ૨૦૨૪ નો ડ્રો ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારકા દ્વારા પારદર્શકતા પૂર્વક બ્રહ્મપુરી નંબર ૧ ખાતે સંપન્ન કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જ્ઞાતિના કાર્યકારી પ્રમુખ,મંત્રી, કારોબારી સદસ્યો,મધ્યસ્થ સભા સદસ્યો, સામાજિક કાર્યકરો, તીર્થપંડા પુરોહિતો, યજમાનો, વૈષ્ણવો, ભક્તો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. અત્રે એ ઉલ્લેખનીય છે કે દર મહિનાની ૨૦ તારીખે ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા તત્કાલ ધ્વજાજી ડ્રો જાહેર જનતા વચ્ચે પારદર્શકતા પૂર્વક યોજવામાં આવે છે.



આ ભારેખમ સ્કુલ બેગ ઉપાડી, ડોકટર કે વકીલ ન થઈએ તો મોટા થઈને સફળ મજુર થઈ શકશું.

અત્યંત ભારે સ્કુલ બેગ ઉપાડી મને સ્કુલે મુકી જાય અને પાછો લઈ આવે તેવો મજુર લાવી આપો ને..!

# શુક્રવારે નાગ પાંચમ તથા અમૃત સિદ્ધિ યોગ

શ્રાવણ વદ ચોથ ને શુક્રવાર તા ૨૩.૮.૨૪ ના દિવસે નાગ પાંચમ છે. શનિવારે પાંચમ તિથિ સવારના ૭.૫૩ સુધી જ છે. એ ઉપરાંત નિયમ પ્રમાણે સૂર્યોદયથી છ ઘડી સુધી જે તહેવાર હોય તે તીથી હોવી જોઈએ તો જ તે તહેવાર તે દિવસે માન્ય ગણાય, પરંતુ શનિવારે સૂર્યોદય પછી ૬ ઘડી કરતા પાંચમ તીથી ઓછી છે આથી શુક્રવારે નાગ પાંચમ ગણાય અને શુક્રવારે સવારના ૧૦.૩૯ થી આખો દિવસ તથા રાત્રી પાંચમ તીથી છે આથી દરેક મુખ્ય પંચાંગ પ્રમાણે જ્યોતિષના નિયમ પ્રમાણે શુક્રવારે નાગ પાંચમ છે. શુક્રવારે નાગ પાંચમના દિવસે સવારે ૬.૨૮ થી ૭.૫૫ અમૃત સિધ્ધિ યોગ પણ છે. ભારતીય સંસ્કૃતિ મુજબ ઉત્સવો, વ્રતો અને સંસ્કારો સાથે ખાસ સંબંધ છે. વેદોમાં પણ આનો ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન આર્ય પ્રજા પણ વ્રતો અને ઉપાસના કરતાં અને દરેક પશુ પક્ષીની પૂજા કરતા, આથી સુખી હતા આને કારણે જ આપણી ભારતીય સંસ્કૃતિ સૌથી શ્રેષ્ઠ સંસ્કૃતિ કહેવાય છે. મહાદેવજી પણ પશુઓને આદર આપતા આથી પશુપતિનાથ કહેવાયા છે. મહાદેવજીએ સર્પને ધારણ કરેલ છે. શ્રી કૃષ્ણ ભગવાને ગીતામાં કહેલું છે નાગોમાં હું વાસુકી નાગ છું. સમુદ્ર મંથન વખતે નાગે સાધનરૂપ બની પ્રભુકાર્યમાં અને લોકહિતનાં કાર્યમાં મદદરૂપ બની અને સમુદ્રમાંથી અમૃત મેળવામાં ભગવાન અને દેવોને વાસુકી નાગ મદદરૂપ બનેલ હતા. ભગવાન વિષ્ણુ પણ સમુદ્રમાં શેષ શયન કરે છે.

નાગ પાંચમના દિવસે સવારનાં વહેલા ઉઠી નિત્યકર્મ કર્મ કરી ઘરનાં પાણીઆરે અથવા મંદિરે દીવો કરી બજારાની કુલેર નાળીયેર તલવટ સાથે પલાળેલા મગ, મઠ, કઠોળનું નૈવેદ્ય ધરાવવું અને એકટાણુ કરવું. પૂજન કરતી વખતે નવ ફુલ નાગદેવતાના નવ નામો બોલવા (૧) અનંત, (૨)વાસુકી, (૩)શેસ (૪)પદ્મનાભ, (૫)કમ્બલ, (૬)શંખપાલ, (૭)ધૃતરાષ્ટ્ર, (૮)તક્ષક, (૯) કાલિય સાંજે નાગપાંચમની વાર્તા સાંભળવી. નાગપાંચમના દિવસે જે કોઈ લોકોને જન્મકુંડળીમાં નાગદોષ, કાલ સર્પયોગ પિતૃદોષ હોય તો નાગપંચમીનું વ્રત રહેવાથી અને પૂજન કરવાથી રાહત મળે છે. જે લોકોને ભયાનક સપના આવતાં હોય તો તે દૂર કરવા માટે નાગપંચમીનું વ્રત કરવાથી રાહત મળે છે. જન્મકુંડળીમાં રાહુ નબળો હોય પાંચમાં સ્થાનમાં હોય તો પણ નાગપંચમીનાં દિવસે વ્રત રહેવું અને સાથે મહાદેવજીને શિવલિંગ ઉપર જળ અને કાળા તલ ચડાવવા મહાદેવજીની પૂજા જરૂર કરવી.

- શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)

# કેશોદના હાંડલાથી અગતરાય સુધીનો બે વર્ષથી ખાતમુહૂર્ત બાદ પણ ના બનતા પરેશાની




(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા.૨૨

કેશોદના હાંડલા અને અગતરાઈ ગામ વચ્ચે ૫ કિમીના રસ્તાથી એક કિલોમીટરનો બચાવ થાય તે સાથે હાઈવે સાથે જોડાય જાય તેવી યોજના મંજુર થઈ છે. રૂા.૩૬૦ લાખ રૂપીયાના ખર્ચે પ્રજાજનોને સુવિધા મળે પેટ્રોલ-ડિઝલ-સીએનજીની બચત થાય તેમ હોવા છતાં તંત્રના પાપે બબ્બો વર્ષથી ખાતમુહૂર્ત થયેલા રોડના કોઈ ઠેકાણા નથી. જેથી ખુદ સરકારની પ્રજાલક્ષી યોજના ટલ્લે કોના કારણે ચઢી છે ? તેમ ચર્ચા ગ્રામજનો કરી રહ્યા છે. અધુરામાં પુરૂ આ રસ્તો ખોદી નાખેલ છે જેમાં ચોમાસાના કારણે અતિ ભારે કાદવ કિચડથી રફ રસ્તો પણ બન્યો આ વચ્ચે આવતા ખેતરોએ જવા-આવવા ખેડૂતો જઈ શકતા નથી. હાલ ખેતીકામની પુરજોશમાં કામગીરી છે પરંતુ ખેડૂતોને ચાલીને પણ જઈ ના શકે તેવી સ્થિતિ તંત્રના પાપે થઈ છે. આ રસ્તો બની જાય તો અનેક કિલમીટરનો ફેર પડે છે. સાથે ઈમરજન્સી ૧૦૮ને પહોચવામાં ટુંકો રસ્તો હોય માનવ જીંદગી બચાવી શકાય અને ગામોને ટુંકા રસ્તાથી સીધો ફોરટ્રેક રસ્તો સાથે જોડાય જાય જેથી ટ્રાફિક નડતર ઓછી થઈ જાય અકસ્માતનો નીવારી શકાય. ટુંકા રસ્તો બને તો પેટ્રોલ, ડિઝલ, સીએનજીની બચત થાય પરંતુ બબ્બે વર્ષથી ખાતમુહૂર્ત કરી યોજના જ ના બનતા સરકારની પ્રજાલક્ષી યોજનાને તંત્રના બેજવાબદારોના કારણે મુળભુત રસ્તાની સુવિધાથી વંચિત રહ્યા છે. આ અંગે ગ્રામજનોએ અવાર-નવાર રજુઆતો કરી છે. તંત્ર માંગ લુખ્ખા આશ્વાસનો આપી સમય પસાર કરેલ છે. રૂા.૩૬૦ લાખ રૂપીયા ફાળવણી કરી છે તે કયાં ગયા ? તેની તપાસ કરાવી આ નવો રોડ બનાવે તેવી લોક માંગ પ્રજાજનોએ કરી છે. સરકારી પ્રજાલક્ષી યોજના માટે અવરોધ કોણ કરે છે ?

# વેરાવળમાં ફરસાણ અને મીઠાઈની દુકાનોમાં ફુડ વિભાગના સરપ્રાઈઝ ચેકીંગથી ફફડાટ




## આઠ દુકાનોમાંથી મીઠાઈ- ફરસાણના ૨૩ સેમ્પલ લેવાયા અને ૪ ધંધાર્થીઓને સ્વચ્છતા રાખવા કડક સુચના અપાઈ પ્રાંત અને ફુડ વિભાગની સયુંકત ટીમે વ્યાપક ચેકીંગ કરતા ભેળસેળીયા તત્વોમાં ફફડાટ પ્રસર્યો

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૨

સાતમ-આઠમના તહેવારોને લઈ વેરાવળમાં ફરસાણ મીઠાઈના ધંધાર્થીઓને ત્યાં પ્રાંત અધિકારી અને ફુડ વિભાગની ટીમએ સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરતા ભેળસેળીયા તત્વોમાં ફફડાટ પ્રસર્યો હતો. આ કામગીરીમાં આઠ જેટલી દુકાનોમાંથી ૨૩ જેટલા ખાદ્ય પદાર્થોના સેમ્પલ લઈ લેબ ટેસ્ટીંગ માટે મોકલવામાં આવેલ તેમજ ૩૦ કીલો બળેલું તેલ અને ૪૫ કીલો વાસી ફરસાણનો નાશ કરવામાં આવ્યો હતો. ચાર દુકાનોમાં ગંદકી અને સ્વચ્છતાના નિયમોના પાલનમાં બેદરકારી જોવા મળતા કડક સુચના આપવામાં આવી હતી.

હાલ પવિત્ર શ્રાવણ માસ ચાલી રહ્યો હોય અને ગણતરીના દિવસોમાં સાતમ આઠમ આવી રહી છે. ત્યારે લોકો ફરસાણ મીઠાઈ ખરીદતા હોવાથી આ ખાદ્ય પદાર્થોની ગુણવત્તા ચકાસવાને લઈ નાયબ કલેકટર વિનોદ જોશીની તેમજ ફુડ અધિકારી પિયુષ સાવલિયા, કલ્યાણીબેન સોસાની ટીમ દ્વારા વેરાવળની નામાંકિત ફરસાણ મીઠાઈની દુકાનો ઉપર સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જે અંગે માહિતી આપતા કલેકટર વિનોદ જોશી અને ફુડ અધિકારી પીયુષ સાવલીયાએ જણાવેલ કે, જન આરોગ્યને અનુલક્ષીને ખાસ ડ્રાઈવ અંતર્ગત ચેકીંગની કામગીરી કરવામાં આવી છે. જેમાં શહેરમાં ઓમ ફરસાણ, લક્ષ્મી ફરસાણ, ખુશ્બુ ફરસાણ નમકીન, રામભરોસા ડેરી ફાર્મ, નંદરાજ ડેરી ફાર્મ, ગાયત્રી ફરસાણ, રઘુવંશી ફરસાણ, જયશ્રી ફરસાણમાં ચેકીંગ કરવામાં આવ્યુ છે. આ આઠ સ્થળોએથી ફરસાણ મીઠાઈના ૨૩ સેમ્પલ લઈ પૃથક્કરણ માટે મોકલવા તજવીજ હાથ ધરી છે. આ કાર્યવાહી દરમ્યાન મળી આવેલ ૩૦ કીલો બળેલું તેલ અને ૪૫ કીલો વાસી ફરસાણ નાશ કરવામાં આવ્યુ હતુ. તો ચાર સ્થળોએ ગંદકી જોવા મળતા અને નિયમોના પાલનની બેદરકારી સામે આવતા જે તે સંચાલકોને નોટીસ આપીને કડક તાકીદ કરવામાં આવી છે.

# વેરાવળના વતની વાયુદળના જવાનને ત્રિરંગા ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય અપાઈ






## જવાન વાયુદળમાં જેસલમેર ખાતે ફરજ બજાવતો અને રજા લઈ વતનમાં આવ્યો હતો : જવાન મિત્રો સાથે બાઈકમાં જઈ રહેલ ત્યારે અકસ્માત સર્જાતા મૃત્યું પામેલ : વાયુદળના અધિકારીઓ અને જવાનો વેરાવળ આવી સાથી કર્મીને વિદાય આપેલ

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૨

વેરાવળના વતની અને ભારતીય વાયુદળમાં ફરજ બજાવતા જવાનનું ગઈકાલે અકસ્માતમાં મૃત્યું થયું હતું. જેથી આવેલા વાયુદળના અધિકારીઓ અને જવાનોએ મૃતક જવાનને ત્રિરંગા તથા ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાઈ આપી હતી. મૃતક જવાન રજા લઈને વતનમાં આવેલ ત્યારે અકસ્માતમાં મૃત્યું પામતા ગમગીની છવાઈ ગઈ હતી. વેરાવળના વતની વિશાલકુમાર સુરેન્દ્રભાઈ ગોંડ રજા લઈને વતન આવેલ અને ગઈકાલે કામકાજ અર્થે માળીયાહાટીના ચરખડી ગામ નજીક બાઈક ઉપર જઈ રહેલ ત્યારે સ્પીડ બ્રેકર ઓળંગવા જતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત થતા રોડ ઉપર ટ્રાફિકજામના દ્રશ્યો સર્જાયા હતા. બાદમાં ઈજાગ્રસ્ત થયેલા ત્રણેય બાઈક સવારોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં જેમાં વાયુદળના જવાનનું ગંભીર ઈજાના થવાના કારણે મૃત્યું નિપજયાનું તબીબોએ જાહેર કર્યુ હતું. મૃતક જવાન વિશાલકુમાર છેલ્લા ચાર વર્ષથી જેસલમેર ખાતે એરફોર્સમાં ફરજ બજાવતાહતો અને રજાના દિવસોમાં પોતાના વતન આવ્યો હતો. દરમ્યાન મિત્રો સાથે અકસ્માતમાં મૃત્યુ પામતા પરીવારજનોમાં ગમગીની પ્રસરી હતી. આ અકસ્માત અંગે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. દરમ્યાન જવાનનો મૃતદેહ વતન વેરાવળ લઈ આવવામાં આવેલ હતો. આજે અત્રે આવેલા વાયુદળના અધિકારીઓ અને સાથી જવાનોએ મૃતક જવાન વિશાલને ત્રિરંગા તેમજ ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ વિદાય આપી હતી. આ સમયે ઉપસ્થિત સૌ ની આંખોમાંથી અશ્રુ વહેતા થઈ ગયા હતા.

# ખંભાળિયા તથા ભાણવડ તાલુકામાં હંગામી ધોરણે એમ્યુઝમેન્ટ રાઇડ્ઝ તથા ગેમીંગ ઝોનની પરવાનગી મેળવવા અંગે યાદી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૨

ખંભાળિયા તથા ભાણવડ તાલુકામાં હંગામી ધોરણે એમ્યુઝમેન્ટ રાઈડ્ઝ તથા ગેમીંગ ઝોન (જેમાં લોકમેળો કે આનંદ મેળામાં ચલાવવામાં આવતી યાંત્રીક રાઈડ્ઝ, ઈલેકટ્રીક રાઈડ્ઝ સહિત તમામ) પરત્વે જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા તા. ૨૩-૦૭-૨૦૨૪ ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. જેથી આવી રાઈડ્ઝના લાયસન્સ મેળવવા ઈચ્છતા તમામે આ નિયમો જોઈ અને જાણી લેવાના રહેશે. આ નિયમો ખંભાળિયામાં નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ કચેરીએ તેમજ ભાણવડમાં મામલતદાર કચેરીએ તથા તમામ પોલીસ સ્ટેશન કચેરી ખાતે જોઈ શકાશે. ખંભાળિયા તથા ભાણવડ તાલુકામાં આવા લાયસન્સ મેળવવા માટે કરવાની થતી અરજી નિયત નમુનામાં તમામ આધાર - પુરાવા સાથે ખંભાળિયામાં નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ કચેરી ખાતે રાઈડના સંભવિત ઉપયોગના ઓછામાં ઓછા ૧૫ દિવસ અગાઉ કરવાની રહેશે. આધાર - પુરાવા વગરની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહીં અને કોઈપણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં તેમ ખંભાળિયાના નાયબ કલેકટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટની યાદીમાં જણાવાયું છે.

# જામનગરના પ્રસિધ્ધ પ્રકાંડ પંડીત લાભુ દાદાની યાદો સોમનાથ સાથે જોડાયેલી છે

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૨

જામનગરના પ્રસિધ્ધ સાહિત્યકાર, વિવેચક અને પ્રકાંડ પંડીત લાભશંકરભાઈ પુરોહિતનું જામનગર ખાતે દુઃખદ અવસાન થયેલ છે. લાભુદાદાને સોમનાથ ભૂમિ ઉપર અનહદ શ્રધ્ધા-પ્રેમ હતો. સોમનાથ ટ્રસ્ટના તત્કાલીન એડમીસ્ટ્રેટર અશોક શર્મા કહે છે અંદાજે વર્ષ ૨૦૦૧-૦૨માં સોમનાથ ટ્રસટના સહયોગથી 'ત્રિવેણી' નામનો ત્રણ દિવસનો કાર્યક્રમ સોમનાથના ગોલકધામ ગીતામંદિર ખાતે યોજાયો હતો. સોમનાથ ટ્રસ્ટના તત્કાલીન જનરલ મેનેજર કમલેશ રાવલ કહે છે 'તેમના દુઃખદ અવસાન જાણી ખુબ જ દુઃખ થયું. સોમનાથ ખાતે ત્રિવેણી કાર્યક્રમ તેઓના પ્રયત્નોથી યોજાયો હતો. જેમાં દેશભરના ૩૦૦થી ૪૦૦ જેટલા સંતો-કથાકારો તેમાં ભાગ લેવા આવ્યા હતા. મોરારીબાપુ, રમેશભાઈ ઓઝા સહિતના નામાંકિત કથાકારોએ આ કાર્યક્રમમાં પ્રત્યક્ષ ભાગ લીધો હતો. ત્રિવેણી કાર્યક્રમનો હેતુ સોમનાથ મંદિર રક્ષા માટે શહીદ થયેલા દિવ્ય આત્માઓ તથા વિવિધ ધર્મયુધ્ધોમાં દિવંગત થયેલા આત્માઓની શાંતિ પ્રાર્થના, પિતૃ તર્પણ તથા પુણ્ય સ્નાન કરી તેઓને વંદના કરાઈ હતી. ગીતા મંદિરના શ્રી કૃષ્ણ ચરણ પાદુકા સમક્ષ ઈશ્વર સ્મરણ સાથે સર્વ પિતૃઓના મોક્ષ અને શાંતિ માટેનો આ કાર્યક્રમ યોજાયો હતો.

ત્રિવેણી-દેહોત્સર્ગ સહિત તીર્થના વિવિધ કુંડો-સરીતામાં સ્નાન પણ કરાયું હતું અને ભગવાનના ચરણ પાદુકા પાસે ભગવાનને પ્રિય રાસ પણ લેવાયો હતો. આ અગાઉ સોમનાથ ખાતે તે સમયની જુની ભાટીયા ધર્મશાળાના ઉપલા માળે લાભુ દાદાનું ભગવાન શ્રી કૃષ્ણ-દ્વારકા વિષે વ્યાખ્યાનનું પણ આયોજન કરાયેલ હતું. જેમાં અનેક ઈતિહાસકારોએ ભાગ લીધો હતો. લાભુ દાદાનું ભાવ નીતરતું પરમાત્મા એકાકાર પ્રવચન શ્રોતાઓને દિવ્ય અનુભૂતિ આપેલ હતું. સોમનાથ મહાદેવના દર્શન કરવા અનેકોવાર તેઓ આ ભૂમિની મુલાકાત લઈ ચુકેલા છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદિક વિભાગ તથા દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના સંયુક્ત ઉપક્રમે આયોજિત જીરિઆટ્રીક નિઃશુલ્ક નિદાન કેમ્પની સફળતાપૂર્વક પુર્ણાહુતિ




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૨૨

આયુષ્માન વિભાગ ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદિક વિભાગ તથા સહકારી સંસ્થા દ્વારકા ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિના સંયુક્ત ઉપક્રમે આયોજિત જીરિઆટ્રીક નિઃશુલ્ક નિદાન કેમ્પની સફળતાપૂર્વક પુર્ણાહુતિ થઈ છે. તા.૨૧-૭-૨૦૨૪ ને બુધવારના રોજ સવારે ૯ થી ૧૨:૩૦ વાગ્યા સુધી તીનબત્તી ચોકમાં આવેલ શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ દ્વારા સંચાલિત દ્વારકેશ સારવાર કેન્દ્ર ખાતે દેવભૂમિ દ્વારકા જિલ્લા આયુર્વેદિક વિભાગ અધિકારી ડો.વિવેકસર શુક્લાની અધ્યક્ષતામાં યોજાયેલ આ કેમ્પમાં સિનિયર સિટીઝન માટે આયુર્વેદિક પદ્ધતિથી નિદાન સારવાર, યોગ નિષ્ણાત દ્વારા યોગ સેશન, આયુર્વેદિક સિદ્ધાંતોની પ્રદર્શનની વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ગુગ્ગુળી બ્રાહ્મણ જ્ઞાતિ આરોગ્ય મંત્રી આશિષભાઈ મીન, ગુગ્ગુળી મહિલા મંડળ પ્રમુખ હેમાબેન ઠાકર તથા સદસ્યો, રઘુવંશી મહિલા મંડળ પ્રમુખ કિશોરીબેન જટણીયા તથા સદસ્યો,દ્વારકા યોગગુરૂ કિશોરભાઈ પાઢ, ગુગ્ગુળી બ્રાહ્મણ શિક્ષણ મંત્રી અજીતભાઈ પાઢ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા તેમજ દીપ પ્રાગટ્ય કર્યું. દ્વારકા આયુર્વેદિક શાખાના અભિષેકભાઈ મહેતા, વૈશાલીબેન મહેતા, યોગ ઈન્સ્ટ્રક્ટર સન્નીભાઈ પુરોહિત, આરતીબેન જોશી તેમજ દ્વારકેશ સારવાર કેન્દ્રના સ્ટાફની સરાહનીય કામગીરી રહી. લગભગ ૫૪ જેટલા દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો. આયુર્વેદિક જિલ્લા અધિકારી ડો.વિવેકસર શુક્લા દ્વારા ગુગ્ગળી સમાજની આરોગ્ય સેવાની પ્રશંસા કરી જ્ઞાતિ હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.ગુગ્ગુળી આરોગ્ય મંત્રી આશિષભાઈ મીન દ્વારા ભવિષ્યમાં પણ સરકાર દ્વારા આમ જનતા માટે આયોજિત કોઈપણ કેમ્પ માટે સહકાર આપવાની બાંહેધરી આપવામાં આવી.

# કોડીનારનાં દેવળીમાં ૫.૪૧ લાખ ચો.મી.ગૌચરની ૨૫ દબાણકારોએ કરેલા દબાણ ઉપર તંત્રનું બુલડોઝર ફરી વળ્યું




## જમીન કલેકટરએ અંદાજીત ૨૭ કરોડની ગૌચરની જમીન ખુલ્લી કરાવી

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૨૨

ગીર સોમનાથ જીલ્લામાં ગૌચરની જમીનો ઉપર મોટાપાયે દબાણો હોય જેને દુર કરાવવા તંત્રએ કમ્મર કસી કામગીરી હાથ ધરી છે. તે અંતર્ગત જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજાના માર્ગદર્શન હેઠળ આજરોજ કોડીનાર તાલુકાના દેવળી ગામે ગૌચરની જમીન ઉપર ગ્રામ પંચાયત દ્વારા દબાણ દુર કરવાની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં દેવળી ગામે ગઈકાલે ૧૦ દબાણકારો દ્વારા દબાણ કરેલ રૂા.૧૬ કરોડની કિંમતની ૩,૧૮,૭૩૧ ચો.મી જમીન તેમજ આજરોજ ૧૫ દબાણકારો દ્વારા દબાણ કરવામાં આવેલ કુલ ૨,૨૩,૧૧૨ ચો.મી. કિંમત આશરે રૂ.૧૧ કરોડની જમીન ખુલ્લી કરવામાં આવી. આમ બે દિવસમાં કુલ ૨૫ દબાણકારો દ્વારા દબાણ કરેલ આશરે ૫,૪૧,૮૪૩ ચો.મી. જમીન જેની આશરે રૂા.૨૭ કરોડ ની કિંમતની જમીન ગ્રામ પંચાયત દ્વારા ૪ જેસીબી અને ૨ ટ્રેકટરની મદદથી ખુલ્લી કરાવી છે. આગામી દિવસોમાં હજુ પણ આવી જ રીતે ગૌચરની જમીનો ઉપર થયેલ દબાણો દુર કરવાની કામગીરી ચાલુ રાખવાનો જીલ્લા કલેકટર જાડેજાએ નિર્ધાર વ્યક્ત કર્યો છે.

અત્રે નોંધનીય છે કે છેલ્લા થોડા સમયથી જીલ્લા કલેકટર દિગ્વિજયસિંહ જાડેજા દ્વારા જીલ્લામાં સરકારી અને ગૌચરની જમીનો ઉપર થયેલા ગેરકાયદેસર દબાણો સામે લાલાઆંખ સમાન દબાણ હટાવવાની કામગીરી શરૂ કરી છે. જે અમુક કહેવાતા રાજકીય અગ્રણીઓને ગમતી ન હોવાથી જનહિત સમાન દબાણ હટાવવાની કામગીરી અટકાવાની સાથે કલેકટરની બદલી કરાવવા ગાંધીનગર સુધી રજુઆતો કરી ધમપછાળા શરૂ કર્યા હોવાની વ્યાપક ચર્ચા લોકોમાં થઈ રહી છે. ત્યારે રાજ્ય સરકાર કલેકટરની કામગીરી અટકાવે છે કે પછી બદલી કરે છે તે જોવું રસપ્રદ રહેશે.

## અવસાન નોંધ

વેરાવળ : સ્વ.ધનજીભાઈ કેશવજી રાયઠઠ્ઠાના પુત્ર હસમુખભાઈ રાયઠઠ્ઠા (ઉ.વ.૬૪) (જલારામ ડેરી વાળા) તે ભયલાભાઈ, કિરીટભાઈના ભાઈ, ભાવનાબેન પતિ, નેહાબેન હાર્દિકકુમાર ઠક્કર, નિધિબેન જીલેશકુમાર બુધ્ધદેવ, બ્રિજેશના પિતાશ્રી, સ્વ.અમૃતલાલ લક્ષ્મીદાસ કટારીયા (મારફતિયા ) જામનગર વાળાના જમાઈનું તા.૨૧ ના રોજ અવસાન છે.તેમનું ઉઠમણું તેમજ પિયર પક્ષની સાદડી તા.૨૨ ને ગુરૂવારે સાંજે ૫ વાગ્યે બિલેશ્વર મંદિર શિક્ષક કોલોની વેરાવળ ખાતે રાખેલ છે.


કુતિયાણા નગર સેવા સદન...કુતિયાણા

–:: (( ઈ-ટેન્ડર નિવિદા )) ::–

ચીફ ઓફીસર, કુતિયાણા નગરપાલિકા દ્વારા રજીસ્ટર્ડ કોન્ટ્રાકટરો પાસેથી નીચેના કામના ઓન લાઈન ટેન્ડર માંગવામાં આવે છે.

| ક્રમ | કામની વિગત | અંદાજીત રકમ | ઈએમડી | ટેન્ડર ફી |
|---|---|---|---|---|
| ૧ | કુતિયાણા નગરપાલિકાના જુદા જુદા વિસ્તારમાં સી.સી. રોડ બનાવવાનું કામ | ૮૯૪૩૨૦૦/– | ૮૯૪૩૨/– | ૨૪૦૦/– |
| ૨ | કુતિયાણા નગરપાલિકાના થેપડા વિસ્તારમાં સ્ટ્રોમ વોટર ડ્રેનેજ બનાવવાનું કામ | ૧૨૪૪૫૬૭/– | ૧૨૪૪૬/– | ૯૦૦/– |

ઈએમડી તથા ડોકયુમેન્ટ ફી ચીફ ઓફીસર, કુતિયાણા નગરપાલિકાની તરફેણમાં ભરવાની રહેશે. સદરહુ કામની ટેન્ડર ડોકયુમેન્ટ તથા ટેન્ડરને લગતી વધુ માહિતી માટે http://www.tender.nprocure.com પર લોગ ઓન કરવુ અથવા કુતિયાણા નગરપાલિકાની બાંધકામ શાખાનો સંપર્ક કરવો ભરેલ ટેન્ડર ઈલેકટ્રોનીક ફોર્મેટમાં વેબ સાઈટ http://www.tender.nprocure.com પર ડીજીટલ સહી સાથે ઓન લાઈન સબમીટ કરવાનું રહેશે. તાઃ ૨૨/૦૮/૨૦૨૪ થી ટેન્ડર ઓન લાઈન જોઈ શકાશે. ઓન લાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તાઃ ૦૫/૦૯/૨૦૨૪ છે. અને ફીઝીકલ ડોકયુમેન્ટ સબમીટ કરવાની છેલ્લી તા. ૧૨/૦૯/૨૦૨૪ છે. ઓન લાઈન ટેન્ડર તાઃ ૧૩/૦૯/૨૦૨૪ ને બપોરના ૧૨–૩૦ કલાકે ખોલવામાં આવશે.

ચીફ ઓફીસર
કુતિયાણા નગરપાલિકા
કુતિયાણા, જી. પોરબંદર

વહીવટદાર
કુતિયાણા નગરપાલિકા
કુતિયાણા, જી. પોરબંદર

માહિતી/પોર/જા.ખ.-૧૦૪/૯૦૧-૯૦૩



જાહેર નિવિદા

આથી સને ૨૦૨૪–૨૫ નાવર્ષમાં ગીર પશ્ચિમ વિભાગ,જુનાગઢ હેઠળની ડેડકડી રેન્જ હેઠળના કાર્યક્ષેત્રમાં ઘાંસ વાઢકામ,પ્રેસીંગ,વજન કરી લેબલ મારવા, વાહતુક, ગોદામ / ગંજીમાં ગોઠવવાની કામગીરી, ઘાંસ બીજ એકત્રીકરણ,ફાયર લાઈન,કન્ટ્રોલ બર્નીંગ, પ્રુનીંગ, સીંગલીંગ, પોલાર્ડીંગ, સાઈડ કલીનીંગ,પ્લોટ સાફ–સફાય, બ્રશવુડ, લેન્ટેના / કુવાડીયા / આતરડી દુર કરવાની કામગીરી અને પ્લાન્ટેશનમાં ખાડા ખોદકામ,રોપા વાહતુક સાથે વાવેતર,નર્સરીઉછેર તથા સંલગ્નકામગીરી,કાચી વંડી,કાચા નાલા બંડીંગ,ગલી પ્લગીંગ, ટ્રેન્ચખોદકામ,માર્કીંગ ખરડા તથા સંલગ્ન તમામ કામગીરી,વનતલાડી, ચેકડેમ / તળાવ ડીસલ્ટીંગ જંગલ માંથી પસાર થતા કાચા રસ્તા રીપેરીંગ / સ્ટોન પેચીંગ કરવાનીકામગીરી, ફુટ ટ્રાન્જેકટ,પ્લોટ જાળવણી વિગેરે કામગીરી કામો માટે ઓફ લાઈન ટેન્ડર મારફત વાર્ષિકભાવો મંગાવવામાં આવે છે.જેથી રસ ધરાવતી પાર્ટીઓ પાસેથી સીલ બંધ કવરમાં રૂબરૂ/રજી.એ.ડી.થી ટેન્ડર મગાવવામાં આવે છે.તે અંગેના ટેન્ડર ફોર્મ,ટેન્ડરની શરતો.ભરેલ ટેન્ડરો રજુ કરવા અંગેની સુચનાઓ તથા અન્ય માહિતી ડેડકડી રેન્જ કચેરી,મું.મેંદરડા ખાતે થી રૂબરૂ મેળવી લેવી.

| | | |
|---|---|---|
| ટેન્ડરફોર્મ મેળવવાની તારીખ / સમય | :– | તા.૨૩/૦૮/૨૦૨૪ થી ૨૮/૦૮/૨૪ સુધી સમયઃ ૧૧:૦૦ કલાક થી ૧૫:૦૦ સુધી (સરકારી કચેરીના કામ કાજના દિવસો/સમય દરમ્યાન) |
| ટેન્ડરફોર્મ ફી(નોનરીફંડેબલ) | :– | રૂા.૧૫૦૦/– ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ વન સંરક્ષકશ્રીગીરપશ્ચિમવિભાગ જુનાગઢ નાનામનો |
| ઈએમડી | :– | એફ.ડી.આર. રૂા. ૧૦૦૦૦૦/– (નાયબ વન સંરક્ષક, ગીર પશ્ચિમ વિભાગ, જુનાગઢ) ના નામનો |
| ટેન્ડર ભરીને આપવાનું સ્થળ | :– | રેન્જફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી ડેડકડી રેન્જ મું.મેંદરડા |
| ટેન્ડર ભરીને મોકલવવાની છેલ્લી તારીખ અને સમય | :– | તા.૩૦/૦૮/૨૦૨૪ નારોજ ૧૨:૦૦ કલાક સુધી |
| ટેન્ડર ખોલવાની તારીખ અને સમય | :– | તા.૦૧/૦૯/૨૦૨૪ નારોજ ૧૧:૦૦ કલાકે |

વધુ માહિતી માટે સંપર્ક :–

રેન્જ ફોરેસ્ટ ઓફિસરશ્રીની કચેરી,
ડેડકડી રેન્જ,મેંદરડા

રેન્જ ફોરેસ્ટ ઓફિસર
ડેડકડી રેન્જ,મેંદરડા

માહિતી/જુના/જા.ખ./૩૪૪/૨૪

# જૂનાગઢના વિશ્વ વિખ્યાત મકબરાનું રૂા.પ.૪૬ કરોડના ખર્ચે કરાયેલા રીનોવેશનને ભ્રષ્ટાચારનો લૂણો લાગી ગયો

જૂનાગઢ તા.૨૨

હજી ચોમાસાની સીઝન પહેલા જ રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે જૂનાગઢની શાન સમાન અને મીની તાજમહેલ ગણાતા મહાબત મકબરા અને બહાઉદ્દીન મકબરાનું રીનોવેશન કરાયા બાદ લોકાર્પણ કરાયું હતું. હજી આ લોકાર્પણને ૬ મહિનાનો સમય પણ નથી વિત્યો તેમજ હજી પ્રથમ વરસાદની સીઝન સમાપ્ત પણ નથી થઈ ત્યાં આ મકબરાઓના કરાયેલા રીનોવેશનને ભ્રષ્ટાચારનો લૂણો લાગી ગયેલ હોવાનું સ્પષ્ટ જોઈ શકાય છે. રૂા.પ,૪૬,૪૯,૭૮૦ ના ગંજાવર ખર્ચે મકબરાઓનું રીનોવેશન કરાયું છે. પરંતુ પ્રથમ







વરસાદની સીઝનમાં જ મકબરાના ગુંબજ સહિતના ભાગો પર લીલ, સેવાળ લાગી ગઈ છે જેને કારણે રીનોવેશનના ૬ મહિના જેટલા સમયમાં જ મકબરાઓની ચમક ગાયબ થઈ ગઈ છે અને ગુંબજ લીલ અને સેવાળથી કાળા થઈ ગયેલા જોઈ શકાય છે. જ્યારે વધારે નોંધનીય વાત એ છે કે, મકબરાઓની સાથે-સાથે જ તેને સ્પર્શીને આવેલ જુમા મસ્જીદનું પણ રીનોવેશન કરવામાં આવેલ છે. મકબરાનું રીનોવેશન કરોડોના ખર્ચે સરકાર હસ્તક થયેલ છે જ્યારે જુમા મસ્જીદનું રીનોવેશન આ મસ્જીદમાં નમાઝ પઢવા આવતા લોકોના દાન અને સ્વભંડોળથી કરવામાં આવ્યું છે. જાણકારી મુજબ બન્ને મકબરા અને જુમા મસ્જીદનું રીનોવેશનમાં કામ કરનાર માણસો એક જ એજન્સીના હોવાનું આધારભૂત સુત્રોએ જણાવેલ છે. છતાં મકબરા અને મસ્જીદની રીનોવેશનની કામગીરીમાં જમીન-આસમાનનો તફાવત નરી આંખે જોઈ શકાય છે. જુમા મસ્જીદ ખુબ જ સુયોગ્ય સ્થિતિમાં અને તેમાં કરાયેલ રીનોવેશનની ચમક યથાવત સ્થિતિમાં જોઈ શકાય છે, જ્યારે મકબરાના રીનોવેશનમાં લોટ-પાણી ને લાકડા જેવું કામ થયું હોવાનું નરી આંખે જોઈ શકાય છે. આ બાબતે જાગૃત નાગરીકો દ્વારા વિજીલન્સ કમિશ્નરને ઈન્કવાયરી માટે પત્ર લખવામાં આવશે અને જે એજન્સીને કામ સોંપવામાં આવ્યું હતું તેના ટેન્ડરની શરતો અને નિયમો વિશે માહિતગાર કરવામાં આવશે જેથી કરીને મકબરાના રીનોવેશનમાં જે ભ્રષ્ટાચાર થયો છે. તેને ઉજાગર કરીને ભ્રષ્ટાચાર માટે જવાબદાર પરીબળો સામે કાર્યવાહી કરી શકાય.

આ બાબતે જૂનાગઢ જુમ્મા મસ્જીદના નાયબ ખતીબ મહમદ અમીન કાદરીબાપુએ પણ જૂનાગઢના કલેકટર અને મોસ્ક મકબરા કમિટિના પ્રમુખને પત્ર લખીને જાણ કરી, યોગ્ય કાર્યવાહી કરવા જણાવાયું છે.

## જુડાની ટીપી સ્કીમ નં.૧૧ સામે ૧૧૦૦ થી વધુ વાંધા અરજી આવી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૨

નરસૈયાની નગરી જૂનાગઢમાં શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા અત્યાર સુધી એક ટીપી સ્કીમમાં પ્રજાલક્ષી કામ કરાયા નથી, માત્ર નવી નવી ટીપી સ્કીમ જ બનાવાઈ છે. તાજેતરમાં જૂનાગઢ ટીપી સ્કીમ નં.૧૧ અંગે ઓનર્સ મીટીંગમાં સ્વીકારવાનું ચાલું કરાતા જ ૧૧૦૦થી વધુ વાંધા અરજી આવી છે. આ ટીપી સ્કીમ મુસદો મુદ્દે ગત તા.૧૩મીએ ટાઉન હોલમાં જુડાના અધિકારી કે.વી. બાટીની ઉપસ્થિતિમાં ઓનર્સ મિટીંગ મળી હતી. તેમાં મોટી સંખ્યામાં મિલ્કતધારકો ઉપસ્થિત રહ્યા હતા.

તેઓએ આ ૧૬૭ હેકટર વિસ્તારની ટીપી સ્કીમ માટે સામુહિક વિરોધ નોંધાવ્યો હતો. આ અંગે ગત તા.૧૪થી ૨૦ સુધી વાંધા અરજી જુડા કચેરીએ સ્વીકારવાની જાહેરાત કરી હતી. ત્યારે જુડાના મુખ્ય અધિકારી દ્વારા રજાના દિવસોમાં પણ વાંધા અરજી સ્વીકારવાની જાહેરાત કરવામાં આવી હતી. તે અંતર્ગત ચાલું દિવસ કરતા રજાના દિવસોમાં વધુ વાંધા અરજી આવી હતી. ૧૧૦ ફાઈનલ પ્લોટ સામે ૧૧૦૦થી વધુ વાંધા અરજીનો ધોધ વછુટયો હતો. આ ટીપી સ્કીમ સામે વાંધા અરજીઓના ઢગલાથી સત્તાવાળાઓ પણ ચોંકી ઉઠયા હતા.

આ ટીપી સ્કીમમાં ઝાંઝરડાના ૨૭ અને જૂનાગઢના ૧૪૬ સર્વે નંબરોનો સમાવેશ થાય છે. તેમાં માત્ર ૨૭ ટકા જ કૃષિ જમીનનો સમાવેશ થાય છે. બાકીની જમીન બિનખેતી થયેલી છે. તેમાં સોસાયટીઓ ખડકાઈ ગઈ છે. મોટા ભાગનો વિસ્તાર રહેણાંક છે. આ ટીપી સ્કીમથી કેટલાય મકાનો કપાત થાય તેમ છે. આ અંગે જુડાના સત્તાવાળાઓના જણાવ્યા મુજબ ટીપી સ્કીમ નં.૧૧માં ઝાંઝરડા વિસ્તારના મિલ્કતધારકો નારાજ હોવાથી મોટા ભાગે વાંધા અરજીઓ કરી આ ટીપી સ્કીમ રદ કરવા માંગણી કરી છે. નકશા, લે-આઉટ પ્લાન, સર્વે નંબર સહિતની મિલ્કત દર્શાવતા અંદાજીત ૩૦ હજારથી વધુ કાગળ રજુ કરવામાં આવ્યા છે. કચેરી દ્વારા તમામ અરજીને ઈ-સરકાર હેઠળ ફાઈલીંગ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. જુડા તંત્રના જણાવ્યા મુજબ, આગામી દિવસોમાં તમામ વાંધા અરજી અંગે એજન્સીને સાથે રાખી ચકાસણી કરવામાં આવશે. ચકાસણી કરાયા બાદ જુડાના ચેરમેન અને મ્યુનિ. કમિશનરને રિપોર્ટ કરાશે. આ કામગીરી અગામી તા.૩૧ સુધીમાં પૂર્ણ કરાશે. સંભવતઃ આગામી માસના પ્રથમ સપ્તાહમાં ટીપી મુદ્દે ચકાસણી બાદ નવી પ્રસિધ્ધી જાહરે કરાશે. બાદ ફરથી વાંધા સુચનો મેળવવા એક સપ્તાહનો સમય અપાશે. સમગ્ર પ્રક્રીયામાં મિલ્કત ધારકો પાસેથી વાંધા અરજીઓ લેવામાં આવશે. પરંતુ તેનો નિકાલ થયો છે કે રદ કરવામાં આવી છે તેના નિર્ણયની જાણ કરવાની જોગવાઈ ન હોવાથી મિલ્કત ધારકો અવઢવમાં મુકાયા છે. જુડા દ્વારા બે તબક્કામાં ૧૧૦ પ્લોટમાં ટીપીની અમલવારી બાદ થનારા વિવિધ કાર્યો અંગેની વિગત દર્શાવવા બેઠક યોજાઈ હતી. તેમાં ઉપસ્થિત તમામ મિલ્કત ધારકોએ ટીપી સ્કીમ રદ જ કરવા એક સુર વ્યકત કર્યો હતો. ત્યારે આ વાંધા અરજીઓ ગ્રાહ્ય રખાશે કે કેમ ? તે આગામી સમય જ બતાવશે.

### ફેસબુક પર જાહેરાત જોઈ ટીપ્સ આપતા વોટ્સએપ ગૃપમાં જોડાયેલા

## શેરબજારના ધંધાર્થીએ રૂા.૨.પ૩ કરોડ ગુમાવ્યા પ૦૦ ટકા નફાની લાલચ આપી હતી !!

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ શહેરના જોષીપરા વિસ્તારમાં રહેતા અને શેરબજારમાં રોકાણ કરતા યુવાને પ૦૦ ટકા નફાની લાલતે રૂા.૨.પ૩ કરોડ ગુમાવ્યા હોવાનું અને તેની સાથે સાયબર ગઠીયાઓએ છેતરપીંડી આચરી હોવાનું જણાઈ આવતાં સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર શેરબજારમાં રોકાણ કરતા ધંધાર્થી હરેશકુમાર બાવાભાઈ પોશીયા (ઉ.વ.૪૬)એ ફેસબુક પર જાહેરાત જોઈ વોટસએપ ગૃપમાં જોડાયા હતા. ગત તા.૧-૪-૨૦૨૪ના રોજ હરેશ પોશીયાએ ફેસબુક પર એક વિડીયોમાં એક શખ્સને હિન્દીમાં શેરબજારની ટીપ આપતા જોયો હતો. ત્યારબાદ આ વિડીયોના આધારે એક લીંક પર ક્લિક કરી સ્ટેટ સ્ટ્રીટ કોર્પોરેશન પપ૭ નામના વોટસએપ ગૃપમાં જોડાયા હતા જેની ગૃપ એડમીન કેરી ગોરમલી નામની વ્યક્તિ હતી. આ ગૃપ એડમીને હરેશ પોશીયાને તમે પ૦૦ ટકા પ્રોફિટ મેળવી શકશો. વધારે રોકાણ કરશો તો વધુ વળતર મળશે. અમારી કંપની અપર સર્કીટ સ્ટોક બ્લોક ટ્રેડર્સ અને આઈપીઓ અંગે માહિતી આપશે. જેની ૨૦ ટકા જેવી સર્વિસ ફી રહેશે. જેવી માહિતી આપી હતી. ત્યારબાદ હરેશ પોશીયાએ તેની વિગતો મોકલી રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. અને ઓનલાઈન ત્રણ લાખ ટ્રાન્સફર કરાવ્યા હતા. જેમાંથી તેના એકાઉન્ટમાં ત્રણ લાખ બતાવ્યા બાદ તેમાં પાંચ લાખ થયા હતા. જેમાંથી હરેશ પોશીયાએ રૂા.૧ લાખ વિડ્રો કર્યા હતા. ત્યારબાદ સાયબર ગઠીયાઓએ આઈપીઓ સબસ્ક્રાઈબ કરવાનું કહ્યું હતું. જેમાં હરેશ પોશીયાને રૂા.૨પ લાખના શેર લાગ્યા હતા. તેમાંથી ૧પ લાખ ભરપાઈ કર્યા હતા. બાકીના ૭ દિવસ સુધી રાખતા તેના પ૦ લાખ થયા હતા. પરંતુ પ૦ લાખમાંથી રૂા.૧૦ લાખ વિડ્રો કર્યા પણ તે જમા થયા ન હતા. હરેશ પોશીયાએ બીજા ૬૦ થી ૬૨ લાખ નાખવાથી રૂા.૨ કરોડનું સબસ્ક્રીપ્શન પુરૂ કર્યું હતું. હરેશભાઈએ કુલ એકાદ કરોડની રકમ નાખી હતી. જેના રૂા.૪.૪૦ કરોડ જેવો ફાયદો જોવા મળતો હતો. ત્યારબાદ હરેશભાઈએ પૈસા ઉપાડવાની પ્રક્રિયા ચાલુ કરી તો કંપનીના ૨૦% મેનેજમેન્ટ ફી પેટેના રૂા.૮૦ લાખ ભરપાઈ કરવાનું કહેવામાં આવ્યું. તે રકમ ભર્યા બાદ બાકીની રકમ વિડ્રો કરી પરંતુ હરેશભાઈના ખાતામાં પૈસા જમા થયા ન હતા. ઘણી રાહ જોયા બાદ પણ પૈસા જમા ન થતાં હરેશભાઈને આ મામલે શંકા જતા છેતરપીંડી થઈ હોવાનું જણાયું હતું. હરેશભાઈ પોશીયાએ તા.૪-૪-૨૦૨૪ થી તા.૪-૬-૨૦૨૪ સુધી મોટી રકમ ટ્રાન્સફર કરી વધુ નફો કમાવવાની લાલચમાં પોતાના બેંક એકાઉન્ટમાંથી કુલ રૂા.૨,પ૩,૪૦,૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. આ રકમ તેમને પરત મળી ન હતી. આખરે પોતાની સાથે છેતરપીંડી થઈ હોવાનું જણાઈ આવતાં હરેશ પોશીયાએ જૂનાગઢ રેન્જ સાયબરક્રાઈમ પોલીસમાં અજાણ્યા શખ્સો સામે ઓનલાઈન છેતરપીંડીની ફરિયાદ દાખલ કરી છે. આમ શેરબજારમાં વધુ કમાવવાની લાલચે રૂા.૨.પ૩ કરોડની રકમનો ફરિયાદીને ધુંબો લાગ્યો છે.

## જૂનાગઢમાં પ્લેટીનમ હોટલના રૂમમાં ચાલતી જુગાર કલબ પર પોલીસ ત્રાટકી : બે મહિલા સહિત ૧૨ની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૨

જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગઈકાલે જયશ્રી રોડ પર આવેલ પ્લેટીનીયમ હોટેલના રૂમમાં ચાલતા જુગારધામ પર દરોડા પાડતા બે મહિલા સહિત ૧૨ જેટલા જુગારીઓને રૂા.૬.૧૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકે ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગઈકાલે જયશ્રી રોડ પર આવેલ પ્લેટીનીયમ કોમ્પ્લેક્ષમાં ચોથા માળે આવેલ પ્લેટીનીયમ હોટેલના રૂમ નં.૧૨૦માં દરોડો પાડતા આરોપી રણમલ મેરામણભાઈ દિવરાણીયા, મોહન કરશનભાઈ ચાંડેલા તથા હાજર નહી મળી આવેલ રવિ હીરાભાઈ જગડા રહે. જુનાગઢ વાળાઓએ અભયસિંહ દેવુભા વાઘેલા, દેવાભાઈ નાથાભાઈ હુણ, અશોક ભીખાભાઈ પટોળીયા, લખધીરસિંહ હેમુભા ગોહિલ, સિકંદર હુશેનખાન પઠાણ, રણમલ કરશન ચાંડેલા, ભીખાભાઈ લખમણભાઈ ગીરનારા, યોગેશભાઈ નારણભાઈ મોરી, સોનલબેન ગોવિંદભાઈ ખાખરીયા, ગીતાબેન ચંપકલાલ વાસજાળીયા પટેલને બોલાવી પ્લેટીનમ હોટલના માલીક યોગેશભાઈ નારણભાઈ મોરી કારડીયા રજપુત ઉવ.૪૯ ધંધો. હોટલનો રહે. મુરલીધર સોસાયટી, જોષીપરા, જુનાગઢ વાળાએ ઉપરોક્ત મળી આવેલ આરોપીઓને રૂમ નં. ૧૨૦નો રૂા.૪,૦૦૦ માં જુગારના અખાડા માટે ભાડે આપી હોટલના રજીસ્ટરમાં રણમલ દિવરાણીયાના નામની એન્ટ્રી કરી તમામ આરોપીઓને રૂમ નં.૧૨૦ નો ભાડેથી આપી જુગાર રમવા માટે વ્યવસ્થા કરી આપી, આરોપીઓ જૂગાર રમી રમાડી પોતાના આર્થીક ફાયદા સારૂ નાલના પૈસા ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતા રોકડા રૂા.૨,૦૨,૦૦૦, નાલના રૂા.૧૦,૦૦૦ તથા આરોપીઓની અંગ જડતીમાંથી મળી આવેલ રોકડા રૂા.૧,૯૩,૦૯૦, ૧૧ મોબાઈલ ફોન, પ મોટર સાયકલ કિ.રૂા.૧,૨૦,૦૦૦ સહિત કુલ કિ.રૂ.૬,૧૭,૦૯૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બી ડીવીઝન પોલીસ મથકે જુગારધારા ૪ પ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીઆઈ એમ.સી.પટેલે હાથ ધરી છે.

## વાડ ચીભડા ગળી ગઈ ? માણાવદરના મામલતદાર કમ વહીવટદાર દ્વારા આચરાયેલા કથીત ભ્રષ્ટાચારની તપાસ કરવા વિજીલન્સ કમિશ્નરને જાગૃત નાગરીકે પત્ર લખ્યો

(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.૨૨

માણાવદર પાલીકામાં થતા કામોમાં ભયંકર ગેરરીતી થતી હોવાની લેખિત ફરીયાદ શહેરના જ નાગરીક પ્રફુલભાઈ જલુએ ગુજરાત વિજીલન્સ કમિશ્નર ગાંધીનગરને કરતા ચકચાર મચી જવા પામી છે. પત્રમાં લખાયેલ વિગત મુજબ જાહેર નિવીદા કરવામાં આવેલ ટેન્ડર નિવિદા નં.જા.નં.બાંધકામ/૧૮૨/૨૦૨૪થી પ્રસિધ્ધ કરેલ જેમાં કુલ ૪૧ કામો જુદી જુદી ટીએસ મળેલ હોય, એસ્ટીમેન્ટની રકમ અલગ અલગ હોય, ગ્રાન્ટ અલગ અલગ હોવા છતાં બાંધકામોનું ટેન્ડર એક જ પેકેજમાં કરી નાંખવામાં આવ્યું જે ટેન્ડર પ્રથા જ અને સ્પર્ધા ખતમ કરાય છે. જે ચોકકસ એજન્સીને કામ આપવા નિતી નિયમોનો છેદ ઉડાડી કામ આપવા ગોઠવણ કરેલ છે. આ પેકેજ કરવાથી પાલીકાને વહીવટદારશ્રી પાલિકાને આર્થિક નુકશાની કરેલ છે. આ ટેન્ડરમાં ગોઠવણ સિવાયની કોઈ બીજી એજન્સી ભાગના લઈ શકે તે હેતુથી ટેન્ડરની બીનજરૂરી શરતો રાખવામાં આવેલ છે.

**નલ સે જલ યોજનામાં ગેરરીતીના આક્ષેપ**

પ્રફુલભાઈ જલએ વધુમાં લખેલ છે કે નળથી જળ યોજનામાં મોટાપાયે ગેરરીતી કરવામાં આવેલ છે. પીવીસી લાઈન યોગ્ય ઉંડાઈમાં નાખવામાં આવેલ નથી. પાઈપ નાખતા તુટેલ ભુગર્ભ કનેકશન યોગ્ય રીતે રીપેર નહી થયા, લાઈનો આડા અવડી નાખેલ છે જેથી ભવિષ્યમાં રોડ બની ગયા પછી લીકેજ થાય તો રીપેર કરવામાં મુશ્કેલી પડશે. જળ યોજનામાં ૧પ એમએમની લાઈન ઘરની ડેલી સુધી એસ્ટીમેટ મુજબ આપવાની હોય છે. જે આપેલ નથી તેમ છતાં બીલનું ચુકવણું થયું છે. આ યોજનામાં બનતી ઈએસઆર ટાંકીમાં ક્રોકેટ યોગ્ય ગ્રેડ નથી. ક્રોક્રેટમાં સીમેન્ટ ઓપીસીના બદલે પીપીસી વાપરેલ છે. પીવીસી પાઈપ નાખ્યા બાદ રોડના પેચમાં એસ્ટીમેટ પ્રમાણે ડબલ્યુબીએમ કે પીસીસી કરવામાં આવેલ નથી છતાં વહીવટદારશ્રી તથા તંત્રએ બીલ ચુકવણું થયું છે. તેની વીજીલન્સ દ્વારા તપાસ માંગતા ખળભળાટ મચાવી દીધો છે.

**કૈલાશ ગાર્ડનમાં કામગીરી ગેરરીતી**

પ્રફુલભાઈ જલુએ વધુમાં જણાવેલ કે, કૈલાસ ગાર્ડન ડેવલોપમેન્ટની કામગીરીમાં ખુબ મોટી ગેરરીતી કરવામાં આવેલ છે. જેમાં રમકડા યોગ્ય કેપેસીટીના ઘણી કામગીરી યોગ્ય નિયતો મુજબ થઈ નથી તેની તપાસ કરાવો.

**લાયાબીલીટી પીરીયડ**

બાકી કોઈ કામો રીપીટ કરવા પાલીકામાં થયેલા કામો નબળી ગુણવતાને કારણે તુટી ગયેલ છે. જે કામોમાં એગ્રીમેન્ટ ટેન્ડરની ખાસ શરતો ધ્યાને લઈ લાયાબીલીટી પીરીયડ બાકી હોય તે કામો તાકીદે ફરી કરવા આદેશ આપવો.

**લાયાબીલીટી પીરીયડ બાકી હોવા છતાં અન્ય ગ્રાન્ટમાંથી રોડ બનાવવાનું કૌભાંડ**

પાલીકા વિસ્તારોમાં કામો થઈ ગયા હોઈ તેની લાયાબીલીટી પિરીયડ બાકી હોવા છતાં જે તે એજન્સી પાસે ફરીથી રીપેર કરાવવાના બદલે વહીવટદારે તથા તંત્રએ કોન્ટ્રાકટર પાસેથી આર્થિક લાભ મેળવવા જે તે એજન્સીને ફરીથી કામના કરવું પડે તે હેતુંથી અન્ય બીજી ગ્રાન્ટોમાંથી તેજ કામનું ટેન્ડર કરી પાલિકાને આર્થિક નુકશાની કરેલ છે.

જેથી તે અંગેની હાલના વહીવટદાર તથા જવાબદાર અધિકારી વિરૂધ્ધ તપાસ કરવી તેમ પ્રફુલભાઈ જલુએ જણાવ્યું છે. વધુમાં પત્રમાં લખેલ છે કે નળથી જળ અને કૈલાસ ગાર્ડનના ચુકવેલ બીલ અન્વયે માપપોથી મુજબ સ્થળ ઉપર કામ થયું છે કે કેમ ? તેની વીજીલન્સ કમિશ્નર સાહેબને પત્રમાં લખી તપાસ માંગતા પાલિકા થયેલ વહીવટદારના કાળા કામો બહાર આવે તેમ છે ?

પત્ર અંતમાં જણાવેલ છે કે, ગેરરીતિમાં તમામ વહીવટદાર તથા અધિકારી વિરૂધ્ધ ખાતાકીય તપાસ બાદ ફોજદારી કાર્યવાહી કરવા અને આવા ભ્રષ્ટાચારમાં સામેલ વહિવટદાર તથા અધિકારીઓની મિલ્કત અપ્રમાણસર જોવા પણ માંગ કરી મિલ્કત ટાંચમાં લેવા પત્રમાં ચોંકાવનારી માંગ કરતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચાવી દીધો છે.

